સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 31

[JULY - AUG - 2020]
[26/07/20 to 01/08/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 7

16 TO 31 JULY - 2020

ICE®

Click Here To DOWNLOAD




## CURRENT TOPICS

- મધ્યપ્રદેશના નવા રાજ્યપાલ તરીકે સુશ્રી આનંદીબેન પટેલની નિમણૂક
- ભારતમાં સૌપ્રથમ વખત ગુજરાતનો કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ સ્વદેશી ટેક્નોલોજીથી વીજળીના ઉત્પાદન માટે તૈયાર
- 'પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય' દ્વારા તેના સ્થાપના દિન નિમિત્તે Knowledge Resource Centre Network (KRCNet) લોન્ચ
- ફ્રાન્સની દસોલ્ટ એવિએશન દ્વારા નિર્મિત મહાવિનાશક રાફેલ વિમાન ભારતીય વાયુ સેનામાં સામેલ
- ગુજરાત રાજ્યના નવા પોલીસ વડા તરીકે શ્રી આશિષ ભાટિયાની નિમણૂક
- ભારતની પ્રથમ સોલાર ફેરી 'આદિત્ય' (ADITYA) વૈશ્વિક 'ગુસ્તાવે ટ્રોવે' એવોર્ડથી સન્માનિત


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :

Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

**26 JULY, 2020 SUNDAY**

## ➢ દિવસ મહિમા : 26 જુલાઈ, કારગિલ વિજય દિવસ

ભારતમાં દર વર્ષે 26 જુલાઈના રોજ **'કારગિલ વિજય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- તેને **'વિજય દિવસ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- **ભારત અને પાકિસ્તાન** વચ્ચે 1999માં થયેલા **કારગિલ યુદ્ધ**માં ભારતની સેના દ્વારા **'ઓપરેશન વિજય'** હાથ ધરવામાં આવ્યું હતું.
- જેમાં ભારતની સેનાની જીત થઈ હતી.
- અને 26 જુલાઈ, 1999ના રોજ આ યુદ્ધનો અંત આવ્યો હતો.
- આથી, ભારતમાં દર વર્ષે 26 જુલાઈના રોજ **'કારગિલ વિજય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ **2020**માં 'કારગિલ વિજય દિવસ'ની **21મી વર્ષગાંઠ**ની ઉજવણી કરવામાં આવી છે.

**નોંધ :** (1) 26 જુલાઈ, 2020ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહે** **નવી દિલ્હી** ખાતે આવેલા **'નેશનલ વોર મેમોરિયલ'** પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

(2) 26 જુલાઈ 2020ના રોજ 'કારગિલ વિજય દિવસ' નિમિત્તે ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** **નવી દિલ્હી** ખાતે આવેલી **સૈન્ય હોસ્પિટલ**ને રૂ. 20 લાખનો ચેક દાનમાં આપ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



(3) 3 મે, 1999ના રોજ સૌપ્રથમ તાશી નામગ્યાલ નામના ગોવાળે કારગિલમાં પાકિસ્તાની સેનાએ ઘુસણખોરી કરી હોવાની માહિતી ભારતની સેનાને આપી હતી. ત્યારબાદ આ યુદ્ધની શરૂઆત થઈ હતી.

(4) જેમાં જોજિલાથી તૂરતોક વચ્ચેના દુર્ગમ વિસ્તારોમાં 12,000 ફૂટથી વધુ ઊંચાઈએથી ભારતીય સેનાએ પાકિસ્તાની ઘૂસણખોરોને ભગાડી દીધા હતા.

## ➤ મધ્યપ્રદેશના નવા રાજ્યપાલ તરીકે સુશ્રી આનંદીબેન પટેલની નિમણૂક

24 જુલાઈ, 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** **મધ્યપ્રદેશ**ના નવા રાજ્યપાલ તરીકે **સુશ્રી આનંદીબેન પટેલ**ની નિમણૂક કરી છે.



- 21 જુલાઈ, 2020ના રોજ મધ્યપ્રદેશના રાજ્યપાલ **શ્રી લાલજી ટંડન**ના નિધન બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- જોકે, શ્રી લાલજી ટંડનના નિધન અગાઉ જ સુશ્રી આનંદીબેન પટેલને મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેની કામગીરી સોંપવામાં આવી હતી.
- હવે, ઔપચારિક રીતે મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) સુશ્રી આનંદીબેન પટેલ હાલ (25 જુલાઈ, 2020ની સ્થિતિએ) ઉત્તરપ્રદેશના વર્તમાન રાજ્યપાલ છે.

(2) હવે તેઓ ઉત્તરપ્રદેશ ઉપરાંત મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેનો પણ હોદ્દો સંભાળશે.

(3) સુશ્રી આનંદીબેન પટેલે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે પણ સેવા આપી હતી.

(4) શ્રીમતી સરોજિની નાયડુ ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ છે. તેઓ 15 ઓગસ્ટ 1947ના રોજ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બન્યા હતા.

(5) શ્રીમતી સરોજિની નાયડુના પુત્રી શ્રીમતી પદ્મજા નાયડુ સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર મહિલા રાજ્યપાલ છે. તેમણે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે 10 વર્ષ, 209 દિવસ સેવા આપી હતી.

# રાજ્યપાલ વિશે બંધારણીય જોગવાઈ

## રાજ્યપાલની નિમણૂક (Appointment of the Governor)

ભારતીય બંધારણના **અનુચ્છેદ 155** અનુસાર **ભારતના રાષ્ટ્રપતિ** દ્વારા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવે છે.

- જેવી રીતે કેન્દ્રીય શાસન વ્યવસ્થાનું સૌથી મહત્ત્વપૂર્ણ અંગ 'રાષ્ટ્રપતિ' છે. તેવી જ રીતે રાજ્યનું મહત્ત્વપૂર્ણ પદ એટલે 'રાજ્યપાલ'.
- રાજ્યપાલ એ રાજ્ય વિધાનમંડળના સભ્ય નથી પરંતુ રાજ્ય વિધાનમંડળના અભિન્ન અંગ છે.
- મૂળ બંધારણના **અનુચ્છેદ 153**માં જોગવાઈ કરવામાં આવી છે કે **દરેક રાજ્યના એક રાજ્યપાલ રહેશે.**
- પરંતુ **7મા બંધારણીય સુધારા અધિનિયમ, 1956** દ્વારા તેમાં ઉમેરવામાં આવ્યું કે **કોઈ એક જ વ્યક્તિને બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ બનાવી શકાય છે.**

## રાજ્યપાલનો કાર્યકાળ (Term of Office)

ભારતીય બંધારણના **અનુચ્છેદ 156**માં રાજ્યપાલ પદના **કાર્યકાળ** સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત મુખ્ય ત્રણ બાબતો સૂચવવામાં આવી છે :

(a) રાજ્યપાલ **રાષ્ટ્રપતિની મરજી સુધી** પોતાના પદ પર રહી શકે છે.

(b) સામાન્ય રીતે રાજ્યપાલ 5 વર્ષ સુધી પોતાના પદ પર રહી શકે છે અને જો કાર્યકાળ પૂરો થઈ ગયો હોય તો જ્યાં સુધી નવા રાજ્યપાલ કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી પોતાના પદ પર રહે છે.

(c) જો રાજ્યપાલ પોતાની ઈચ્છાથી પદ મુક્ત થવા માગતા હોય તો તે પોતાનું લેખિતમાં રાજીનામું **રાષ્ટ્રપતિ**ને આપી શકે.

- રાજ્યપાલનું પદ એ રાષ્ટ્રપતિની મરજી અંતર્ગતનું પદ છે. જેનો અર્થ એ થાય કે 5 વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ રાષ્ટ્રપતિ તે રાજ્યપાલને તે જ રાજ્યના કે અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે. રાષ્ટ્રપતિ ઈચ્છે તો કાર્યકાળ પૂરો થાય તે પહેલા પણ અન્ય રાજ્યમાં બદલી કરી શકે છે.
- અહીં એ ખાસ યાદ રાખવું કે રાષ્ટ્રપતિની મરજીનો વાસ્તવિક અર્થ મંત્રીપરિષદની મરજી સુધી થાય કારણ કે રાજ્યપાલને પદ પરથી દૂર કરવાની સત્તાનો ઉપયોગ રાષ્ટ્રપતિ માત્ર મંત્રીપરિષદની સલાહથી જ કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યપાલ બનવા માટેની લાયકાત

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 157** અનુસાર જો કોઈ વ્યક્તિ નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તે રાજ્યપાલ પદ પર બિરાજમાન થઈ શકે છે:

(a) તેઓ **ભારતના નાગરિક** હોવા જોઈએ.

(b) તેમની ઉંમર **35 વર્ષથી વધુ** હોવી જોઈએ.

(c) તેઓ સંસદ કે રાજ્ય વિધાનમંડળના કોઈપણ ગૃહના સભ્ય હોવા જોઈએ નહીં.

(d) તેઓ કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગતની સેવાઓમાં લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.

## રાજ્યપાલના વેતન અને ભથ્થા

ભારતીય બંધારણના **અનુચ્છેદ 158**માં રાજ્યપાલને મળવા પાત્ર **વેતન અને અન્ય લાભો** વિશેની જોગવાઈઓ કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

- રાજ્યપાલના વેતન, ભથ્થા અને વિશેષાધિકાર દેશની સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે પ્રમાણે મળશે. હાલમાં રાજ્યપાલનું વેતન **3 લાખ 50 હજાર** રૂપિયા પ્રતિમાસ છે.
- જો કોઈ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવે તો તેમને રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવતાં વેતન અને ભથ્થા મળશે.

**નોંધ :** રાજ્યપાલને જે સરકારી આવાસ આપવામાં આવે છે. તે **'રાજભવન'** તરીકે ઓળખાય છે.

## રાજ્યપાલના વિશેષાધિકારો

- પોતાના પદ પર કાર્યરત હોય તે દરમિયાન રાજ્યપાલ દ્વારા લેવામાં આવતા નિર્ણયો કે સત્તાના ઉપયોગ બદલ તે કોઈપણ ન્યાયાલયને જવાબદાર નથી. અર્થાત્ તે બાબતે કોઈ ન્યાયિક પ્રક્રિયા થઈ શકે નહીં.
- જ્યારે રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય ત્યારે તેમની ધરપકડ કે જેલ અંગેનો આદેશ આપવાની સત્તા કોઈ ન્યાયાલયને નથી.
- રાજ્યપાલને હોદ્દા પર હોય ત્યારે કાનૂની કાર્યવાહીથી છૂટ આપવામાં આવી છે. તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી શરૂ કરી શકાતી નથી કે પહેલાથી ચાલુ કાર્યવાહીને ચાલુ રાખી શકાશે નહીં.
- **અનુચ્છેદ–361(4)**માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલના વ્યક્તિગત કાર્યો વિરુદ્ધ ન્યાયાલયમાં દીવાની કાર્યવાહી કરી શકાય છે. પરંતુ તે માટે નીચે પ્રમાણેની ત્રણ અગત્યની બાબતો ધ્યાને લેવામાં આવે છે:
  - (a) તે અંગેની લેખિત સૂચના રાજ્યપાલને આપવી જરૂરી છે.
  - (b) આ સૂચના આપ્યા બાદ ઓછામાં ઓછા બે મહિનાનો સમય આપવો આવશ્યક છે.
  - (c) સૂચનામાં સૂચના આપનાર વ્યક્તિનું નામ, સરનામું, કાર્યવાહી અને માંગવામાં આવેલ ન્યાય અંગેનું વિવરણ હોવું જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યપાલ વિશે મહત્ત્વના અનુચ્છેદ

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | અનુચ્છેદ 153 | રાજ્યોના રાજ્યપાલ |
| 2 | અનુચ્છેદ 154 | રાજ્યપાલની કારોબારી સત્તા |
| 3 | અનુચ્છેદ 155 | રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે |
| 4 | અનુચ્છેદ 156 | રાજ્યપાલનો કાર્યકાળ |
| 5 | અનુચ્છેદ 157 | રાજ્યપાલ બનવાની લાયકાત |
| 6 | અનુચ્છેદ 158 | રાજ્યપાલ પદની અન્ય શરતો |
| 7 | અનુચ્છેદ 159 | રાજ્યપાલના શપથ (રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા) |
| 8 | અનુચ્છેદ 160 | કેટલાક આકસ્મિક સંજોગોમાં રાજ્યપાલના કાર્યોનું વિતરણ |
| 9 | અનુચ્છેદ 161 | રાજ્યપાલની સજા ક્ષમાદાન શક્તિ |
| 10 | અનુચ્છેદ 162 | રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના અન્ય રાજ્યોમાં રાજ્યપાલશ્રીનું પદ શોભાવનાર પ્રસિદ્ધ ગુજરાતી રાજ્યપાલ

| ક્રમ | નામ | ક્યા રાજ્યના રાજ્યપાલ | વિશેષતા |
|---|---|---|---|
| 1 | શ્રીમતી આનંદીબેન પટેલ | ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ | મધ્યપ્રદેશના બીજા મહિલા રાજ્યપાલ |
| 2 | શ્રી વજુભાઈ વાળા | કર્ણાટક | વર્તમાન સમયે કાર્યરત |
| 3 | શ્રીમતી કુમુદબહેન જોષી | આંધ્રપ્રદેશ | રાજ્યપાલના પદે બિરાજમાન પ્રથમ ગુજરાતી મહિલા |
| 4 | જામનગરના મહારાજા શ્રી હિંમતસિંહજી | હિમાચલ પ્રદેશ | હિમાચલ પ્રદેશના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર |
| 5 | સર ચંદુલાલ માધવલાલ ત્રિવેદી (આઝાદી બાદ રાજ્યપાલના પદે બિરાજમાન પ્રથમ ગુજરાતી) | ઓડિશા, પંજાબ અને આંધ્રપ્રદેશ | • ત્રણ રાજ્યોના રાજ્યપાલ તરીકે સેવા આપનાર ગુજરાતી<br>• પંજાબ અને આંધ્રપ્રદેશના પ્રથમ રાજ્યપાલ |
| 6 | ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમાર સિંહજી | મદ્રાસ સ્ટેટના રાજ્યપાલ | મદ્રાસના પ્રથમ ભારતીય ગવર્નર |
| 7 | શ્રી કનૈયાલાલ મુનશી | ઉત્તરપ્રદેશ | રાજ્યપાલ તરીકે સેવા આપનાર પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર |

## ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'કારગિલ વિજય દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) 25 જુલાઈ (B) 26 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ **(B)**

2. તાજેતરમાં વર્ષ 2020 દરમિયાન 'કારગિલ વિજય દિવસ'ની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 18મી (B) 20મી (C) 21મી (D) 25મી **(C)**

3. 1999માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા કારગિલ યુદ્ધમાં ભારતે કયું ઓપરેશન હાથ ધર્યું હતું ?
(A) ઓપરેશન કારગિલ (B) ઓપરેશન શક્તિ
(C) ઓપરેશન વિજય (D) ઓપરેશન શસ્ત્ર **(C)**

4. શ્રી લાલજી ટંડનના નિધન બાદ મધ્યપ્રદેશના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) સુશ્રી આનંદીબેન પટેલ (B) શ્રી રાજીવ મહર્ષી
(C) શ્રી મુકુલ ચોકસી (D) શ્રી મયંક અગ્રવાલ **(A)**

5. ભારતમાં રાજ્યપાલને શપથ કોણ અપાવે છે ?
(A) રાષ્ટ્રપતિ (B) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ
(C) ઉપરાષ્ટ્રપતિ (D) જે તે રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ **(D)**

6. જયારે રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ઉપસ્થિત ન હોય ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 159 અનુસાર ભારતના રાજ્યપાલે કોની ઉપસ્થિતિમાં શપથ લેવાના હોય છે ?
(A) રાષ્ટ્રપતિ
(B) રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવેલ વ્યકિત
(C) હાઈકોર્ટના અન્ય કોઈપણ ન્યાયાધીશ
(D) હાઈકોર્ટના ઉપલબ્ધ ન્યાયાધીશોમાંથી સૌથી સિનિયર ન્યાયાધીશ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**27 JULY, 2020 MONDAY**

## ➤ ભારતમાં સૌપ્રથમ વખત ગુજરાતનો કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ સ્વદેશી ટેક્નોલોજીથી વીજળીના ઉત્પાદન માટે તૈયાર

તાજેતરમાં ભારતમાં વૈજ્ઞાનિકોએ આપેલી માહિતી અનુસાર **કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ-3** સામાન્ય પરિચાલનની સ્થિતિમાં આવી ગયો છે.

- એટલે કે આ પ્લાન્ટ હવે વીજળી ઉત્પન્ન કરવા માટે તૈયાર થઈ ગયો છે.
- **કાકરાપાર-3** એ **ભારતનો પ્રથમ સ્વદેશી પાવર પ્લાન્ટ** છે.
- ભારતમાં **સંપૂર્ણ સ્વદેશી ટેક્નોલોજી**થી આ પાવર પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- અને આ પાવર પ્લાન્ટ હવે વીજળી ઉત્પન્ન કરવા માટે તૈયાર થઈ ગયો છે.
- તેનો અર્થ એ છે કે ભારતે પરમાણુમાંથી વીજળી ઉત્પન્ન કરવાની સ્વદેશી ટેક્નોલોજી વિકસાવી લીધી છે.
- આ ભારતની ખૂબ જ મોટી સિદ્ધિ છે.
- અને આ સાથે જ **ન્યૂક્લિયર પાવર ટેક્નોલોજી ધરાવતા દેશોમાં ભારતનો સમાવેશ** થઈ ગયો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ પાવર પ્લાન્ટ ક્યાં આવેલો છે ?

ભારતમાં **ગુજરાતના તાપી** જિલ્લાના **વ્યારા** તાલુકાના **ઉંચામાળા** ગામે આ પાવર પ્લાન્ટ આવેલો છે.

- **ઉંચામાળા** ગામ **અણુમાળા** તરીકે પણ ઓળખાય છે.
- અહીં અણુમથકના બાંધકામ બાદ આ ગામને અણુમાળા તરીકે પણ ઓળખવામાં આવે છે.

### કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ (Kakrapar Atomic Power Station)

કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટમાં **પ્રથમ તબક્કા**માં **220 -220 મેગાવોટ**ના **બે** રિએક્ટર અથવા યુનિટનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

- આ બંને રિએક્ટરનું નિર્માણ **કેનેડા**ની ટેક્નોલોજીથી થયું છે.
- આથી તેને **CANDU Reactor** તરીકે ઓળખવામાં આવે છે.
- જ્યારે **બીજા તબક્કા**માં **કાકરાપાર-3** અને **કાકરાપાર-4**ને ભારતની **સ્વદેશી ટેક્નોલોજી**થી વિકસાવવામાં આવી રહયા છે.

- જેમાંથી <u>કાકરાપાર-3</u>ના બાંધકામનો પ્રારંભ <u>22 નવેમ્બર 2010</u>થી થયો હતો અને આ રિએક્ટર હવે વર્ષ <u>2020</u>માં વીજળીના ઉત્પાદન માટે તૈયાર થઈ ગયું છે.
- <u>કાકરાપાર-3 અને કાકરાપાર-4</u> એ બંને <u>700-700 મેગાવોટ</u>ની ક્ષમતા ધરાવતા રિએક્ટર છે.

## કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ

| ક્રમ | યુનિટ | રિએક્ટરનો પ્રકાર | વીજ ક્ષમતા મેગા વોટમાં | બાંધકામનો પ્રારંભ | વીજ ઉત્પાદનનો પ્રારંભ |
|---|---|---|---|---|---|
| 1 | કાકરાપાર-1 | PHWR | 220 | 1 ડિસેમ્બર, 1984 | 6 મે, 1993 |
| 2 | કાકરાપાર-2 | PHWR | 220 | 1 એપ્રિલ, 1985 | 1 સપ્ટેમ્બર, 1995 |
| 3 | કાકરાપાર-3 | IPHWR-700 | 700 | 22 નવેમ્બર, 2010 | 2020 |
| 4 | કાકરાપાર-4 | IPHWR-700 | 700 | માર્ચ 2011 | 2021 |

**નોંધ :** (1) <u>PHWRનું પૂરું નામ Pressurized Heavy Water Reactor</u> છે.
(2) <u>IPHWR-700નું પૂરું નામ Indian Pressurized Heavy-Water Reactor-700</u> છે.

## કાકરાપાર-3નું નિર્માણ

કાકરાપાર-3 એ <u>ત્રીજી જનરેશનનું</u> (<u>Generation IIIનું</u>) રિએક્ટર છે.

- તેની ડિઝાઈન ભારતના <u>'Bhabha Atomic Research Centre' (BARC)</u> દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- જ્યારે આ રિએક્ટરનું નિર્માણ અને સંચાલન <u>Nuclear Power Corporation of India Limited (NPCIL)</u> દ્વારા કરવામાં આવે છે.



**નોંધ :** (1) કોઈ પરમાણુ રિએક્ટર વીજળી ઉત્પન્ન કરવા માટે તૈયાર થઈ જાય તો તેના માટે પરમાણુ વિજ્ઞાનની ભાષામાં **'ક્રિટિકાલિટી (Criticality) મેળવી લીધી'** એવા શબ્દ પ્રયોગનો ઉપયોગ થાય છે.

(2) ભારતીય વૈજ્ઞાનિકોની આ સિદ્ધિને વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મેક ઈન ઈન્ડિયાનું ઝળહળતું ઉદાહરણ'** ગણાવ્યું હતું.

(3) ભારતમાં હાલ **Kakrapar Atomic Power Plant-3 (KAPP-3)** સિવાય **22 પરમાણુ રિએક્ટર** કાર્યરત છે, અને લગભગ **8** જેટલા પરમાણુ રિએક્ટરના નિર્માણની કામગીરી ચાલુ છે.

(4) **કોલસા, ગેસ, હાઈડ્રોઈલેક્ટ્રિસિટી અને પવન ઊર્જા** બાદ **પરમાણુ ઊર્જા** ભારતમાં હાલ વીજળીના ઉત્પાદનનો **પાંચમો સૌથી મોટો સ્ત્રોત** છે.

(5) વર્ષ **2010**માં ભારત સરકારે વર્ષ **2032 સુધીમાં** ભારતમાં **પરમાણુ ઊર્જા** દ્વારા **63 ગીગાવોટ (63000 મેગાવોટ)** વીજળી ઉત્પન્ન કરવાનું લક્ષ્યાંક નક્કી કર્યું હતું. જોકે, ભારતમાં હાલ કાર્યરત **22 પરમાણુ રિએક્ટર**ની ક્ષમતા **6,780 મેગાવોટ**ની છે.

## ➤ 'કુંભાર સશક્તિકરણ' યોજના અંતર્ગત 100 ઈલેક્ટ્રીક કુંભાર ચાકડાનું વિતરણ

જુલાઈ, 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહમંત્રી **શ્રી અમિત શાહે** ગુજરાતમાં **ગાંધીનગર**ના **બાલવા** નામના ગામમાં **100 ઈલેક્ટ્રીક કુંભાર ચાકડા (Electric Potter Wheels)**નું વિતરણ કર્યું છે.

- ગાંધીનગરના બાલવા ગામમાં **'કુંભાર સશક્તિકરણ યોજના'** અંતર્ગત આ ઈલેક્ટ્રિક ચાકડાનું વિતરણ કરવામાં આવ્યું છે.

**નોંધ :** શ્રી અમિત શાહે નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સ દ્વારા આ વિદ્યુત ચાકનું વિતરણ કર્યું હતું.

### કુંભાર સશક્તિકરણ યોજના

ભારતમાં વર્ષ **2018**માં આ યોજનાનો પ્રારંભ થયો હતો.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ કુંભાર સમુદાયને સશક્ત અને આત્મનિર્ભર બનાવવાનો છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના **ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ** દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી હતી.

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતમાં સંપૂર્ણ સ્વદેશી ટેક્નોલોજીથી નિર્મિત કયો પ્રથમ પરમાણુ પાવર પ્લાન્ટ વીજળી ઉત્પન્ન કરવા માટે તૈયાર થઈ ગયો છે ?<br>(A) કાકરાપાર-1 (B) કાકરાપાર-2 (C) કાકરાપાર-3 (D) કાકરાપાર-4 | (C) |
| 2. | ભારતમાં સૌપ્રથમ વખત કયા રાજ્યમાં આવેલો કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ સ્વદેશી ટેક્નોલોજીથી વીજળી ઉત્પન્ન કરવા માટે તૈયાર થઈ ગયો છે ?<br>(A) ગુજરાત (B) તમિલનાડુ (C) મહારાષ્ટ્ર (D) કેરળ | (A) |
| 3. | કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ ગુજરાતના કયા જિલ્લામાં આવેલો છે ?<br>(A) ડાંગ (B) વલસાડ (C) નર્મદા (D) તાપી | (D) |
| 4. | કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ ગુજરાતના તાપી જિલ્લાના કયા તાલુકામાં આવેલો છે ?<br>(A) સોનગઢ (B) નિઝર (C) વ્યારા (D) ડોલવણ | (C) |
| 5. | કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ ગુજરાતના તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કયા ગામમાં આવેલો છે ?<br>(A) ઉંચામાળા (B) ઉમરવાવ (C) ઉમરકુવા (D) ઉમરકુઈ | (A) |
| 6. | કાકરાપાર-3 પરમાણુ રિએક્ટરના બાંધકામનો પ્રારંભ કયારે થયો હતો ?<br>(A) 2010 (B) 2012 (C) 2014 (D) 2016 | (A) |
| 7. | કાકરાપાર-3 પરમાણુ રિએક્ટરની વિદ્યુત ઉત્પાદન ક્ષમતા કેટલા મેગાવોટની છે ?<br>(A) 220 (B) 500 (C) 700 (D) 800 | (C) |
| 8. | કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ-3માં કયા પ્રકારનું રિએક્ટર આવેલું છે ?<br>(A) બોઈલિંગ વોટર રિએક્ટર (BWR)<br>(B) લાઈટ વોટર ગ્રેફાઈટ રિએક્ટર (LWGR)<br>(C) પ્રેશરાઈઝ હેવી વોટર રિએક્ટર (PHWR)<br>(D) ઈન્ડિયન પ્રેશરાઈઝ હેવી વોટર રિએક્ટર-700 (IPHWR-700) | (D) |
| 9. | ભારતમાં સંપૂર્ણ સ્વદેશી ટેક્નોલોજીથી નિર્માણ પામેલા કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ-3ની ડિઝાઈન કોના દ્વારા તૈયાર કરવામાં આવી છે ?<br>(A) ISRO (B) BARC (C) DRDO (D) NTPC | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

10. ભારતમાં સંપૂર્ણ સ્વદેશી ટેક્નોલોજીથી નિર્માણ પામેલા કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ-3નું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું છે ?

(A) ન્યુકિલયર પાવર કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડ (NTPC)

(B) ન્યુકિલયર પાવર કોર્પોરેટ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NTPC)

(C) ન્યુકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NTPC)

(D) ન્યુકિલયર પાવર કોઓપરેટિવ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NTPC) **(C)**

11. ભારતમાં પરમાણુ ઉર્જા દ્વારા થતા વીજળીના ઉત્પાદનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. ભારતમાં હાલ કાર્યરત 22 પરમાણુ રિએક્ટરની વિદ્યુત ઉત્પાદન ક્ષમતા 6780 મેગાવોટની છે.
2. વર્ષ 2010માં ભારત સરકારે વર્ષ 2032 સુધીમાં ભારતમાં પરમાણુ ઉર્જા દ્વારા 63 ગીગાવોટ વિદ્યુત ઉત્પન્ન કરવાનું લક્ષ્ય રાખ્યું હતું.
3. પરમાણુ ઉર્જા ભારતમાં વીજળીના ઉત્પાદનનો બીજા નંબરનો સૌથી મોટો સ્ત્રોત છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) ફકત-2 **(B)**

12. ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના ગાંધીનગર જિલ્લાના કયા ગામમાં 100 ઈલેકટ્રીક કુંભાર ચાકડાનું વિતરણ કર્યું છે ?

(A) બાવળા (B) બામણા (C) બાલવા (D) ભાડોલ **(C)**

13. ગુજરાતના ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના બાલવા ગામે ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે કઈ યોજના અંતર્ગત 100 ઈલેકટ્રીક કુંભાર ચાકડાનું વિતરણ કર્યું છે ?

(A) કુંભાર ચાક યોજના (B) કુંભાર સહાય યોજના

(C) કુંભાર આત્મનિર્ભર યોજના (D) કુંભાર સશક્તિકરણ યોજના **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

28 JULY, 2020 TUESDAY

## ➤ દિવસ મહિમા : 28 જુલાઈ, વિશ્વ હેપેટાઈટિસ દિવસ (World Hepatitis Day)

સમગ્ર વિશ્વમાં હેપેટાઈટિસની બીમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે 28 જુલાઈના રોજ 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2020ની વિશ્વ હેપેટાઈટિસ દિવસની થીમ 'Hepatitis Free Future' છે.
- હેપેટાઈટિસ એ લિવરના ઈન્ફેક્શન સાથે સંકળાયેલી બીમારી છે.

## ➤ ભારતમાં જળમાર્ગ વપરાશ શુલ્ક ત્રણ વર્ષ માટે માફ

ભારતમાં કેન્દ્ર સરકારના શિપિંગ મંત્રાલય દ્વારા ભારતમાં અંતર્દેશીય જળમાર્ગ પર વસૂલવામાં આવતો વપરાશ વેરો તાત્કાલિક અસરથી ત્રણ વર્ષ માટે માફ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- ભારતમાં અંતર્દેશીય જળમાર્ગ દ્વારા થતા પરિવહનને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના શિપિંગ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી મનસુખ માંડવિયાના જણાવ્યા અનુસાર ભારતમાં કુલ કાર્ગો ટ્રાફિકના માત્ર 2 ટકા પરિવહન જ અંતર્દેશીય જળમાર્ગથી થાય છે.

### અંતર્દેશીય જળમાર્ગ શુલ્ક

ભારતમાં Inland Waterways Authority of India (IWAI) દ્વારા નીચે પ્રમાણેનો અંતર્દેશીય જળમાર્ગ વેરો વસૂલવામાં આવતો હતો :

(1) અંતર્દેશીય જળમાર્ગો પર માલવાહક (કાર્ગો) જહાજોને ચલાવવા માટે પ્રતિ કિલોમીટર કુલ રજિસ્ટર્ડ ટન દીટ 2 પૈસા અથવા તો રૂ. 0.02.

(2) રાષ્ટ્રીય જળમાર્ગો પર ક્રૂઝ જહાજોને ચલાવવા માટે પ્રતિ કિલોમીટર રજિસ્ટર્ડ ટન દીઠ 5 પૈસા અથવા રૂ. 0.05.

### IWAI

ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI)એ ભારતમાં અંતર્દેશીય જળમાર્ગોની દેખરેખ માટેની વૈધાનિક સંસ્થા છે.

- ભારતની સંસદમાં પસાર થયેલા 'IWAI એક્ટ-1985' અંતર્ગત તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડુંમથક ઉત્તરપ્રદેશના નોઈડા ખાતે આવેલું છે.
- ભારતમાં 27 ઓક્ટોબર, 1986ના રોજ તેની સ્થાપના થઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતમાં આતંકવાદને નાથવા 'સ્પેશિયલ 44' નામની ટીમની કેન્દ્ર સરકાર દ્વારા રચના

ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલય દ્વારા 'સ્પેશિયલ 44' નામની એક નવી ટીમની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- ભારતમાં આતંકવાદને નાથવા તથા તેમની સંપત્તિ જપ્ત કરવા માટે આ ટીમની રચના કરવામાં આવી છે.
- ભારતમાં UAPA અથવા તો Unlawful Activities (Prevention) Amendment Act, 2019 અંતર્ગત આ ટીમની રચના કરવામાં આવી છે.
- આ અંતર્ગત ભારતમાં આ કાયદા દ્વારા જાહેર થયેલા આતંકવાદીઓની સંપત્તિ શોધીને આ ટીમ દ્વારા તેને જપ્ત કરવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં આતંક ફેલાવતા કે આતંકમાં સામેલ તમામ વ્યકિતઓની સંપત્તિ પર આ ટીમ નજર રાખશે.

### સ્પેશિયલ 44

આ ટીમમાં 44 સ્પેશિયલ અધિકારી હશે.

- જેમાં ઈન્ટેલિજન્સ બ્યૂરો (IB), ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ, રિઝર્વ બેન્ક, ગૃહ મંત્રાલય, સેબી, ભારતના વિવિધ રાજ્યોની ATS તથા CID સહિતના અન્ય વિભાગો પણ સામેલ હશે.
- આ ટીમ કોઈ આતંકવાદીની સંપત્તિ જપ્ત કરવાનો તથા તેના બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરવાનો પણ આદેશ આપી શકશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ચીનની વધુ 47 એપ પર ભારતમાં પ્રતિબંધ

જૂન, 2020 દરમિયાન ભારતે ચીનની 59 એપ પર પ્રતિબંધ મૂકયો હતો.

- હવે જુલાઈ 2020 દરમિયાન ભારતે ચીનની વુધ 47 એપ પર પ્રતિબંધ મૂકી દીધો છે.
- આથી, હવે ભારતમાં ચીનની કુલ 106 એપ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.
- તાજેતરમાં ભારતે ચીનની જે 47 એપ પર પ્રતિબંધ મૂકયો છે તે એપમાં ટિકટોક લાઈટ, હેલો લાઈટ, શેરઈટ લાઈટ, બિગો લાઈવ લાઈટ, VFY Lite વગેરેનો સમાવેશ થાય છે.
- આ તમામ 47 એપ અગાઉ જેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો તે 59 એપની હૂબહૂ નકલ કે પ્રતિરૂપ છે.

**નોંધ :** (1) ચીનની મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.

(2) ભારત બાદ હવે અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પણ ચીનની ટિકટોક જેવી એપ પર પ્રતિબંધ મૂકવાની માંગ થઈ રહી છે.

## ICE Questions

1. 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 જુલાઈ (B) 27 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ **(C)**

2. ભારતમાં કેન્દ્ર સરકારે અંતર્દેશીય જળમાર્ગ પરનો વપરાશ વેરો કેટલા વર્ષ માટે માફ કર્યો છે ?
(A) 1 વર્ષ (B) 2 વર્ષ (C) 3 વર્ષ (D) 5 વર્ષ **(C)**

3. ભારતમાં કેન્દ્ર સરકારે કયા જળમાર્ગ પરનો વપરાશ વેરો ત્રણ વર્ષ માટે માફ કર્યો છે ?
(A) અરબી સમુદ્ર (B) બંગાળની ખાડી
(C) આંતરરાષ્ટ્રીય જળમાર્ગ (D) અંતર્દેશીય જળમાર્ગ **(D)**

4. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલયે અંતર્દેશીય જળમાર્ગ પરનો વપરાશ વેરો ત્રણ વર્ષ માટે માફ કર્યો છે ?
(A) નાણા મંત્રાલય (B) પરિવહન મંત્રાલય
(C) શિપિંગ મંત્રાલય (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

5. ભારતમાં આતંકવાદને નાથવા તેમની સંપત્તિ જપ્ત કરવા માટે કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા કઈ સ્પેશિયલ ટીમની રચના કરવામાં આવી છે ?
(A) સ્પેશિયલ 18 (B) સ્પેશિયલ 36 (C) સ્પેશિયલ 44 (D) સ્પેશિયલ 51 **(C)**

6. ભારતમાં તાજેતરમાં રચાયેલી 'સ્પેશિયલ 44' નામની ટીમનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) ભારતને આત્મનિર્ભર બનાવવું
(B) ભારતને કચરા મુકત બનાવવું
(C) વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક ડબલ કરવી
(D) આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવી **(D)**

7. અગાઉ 59 એપના પ્રતિબંધ બાદ જુલાઈ 2020 દરમિયાન ભારતે ચીનની વધુ કેટલી એપ પર પ્રતિબંધ મૂકયો છે ?
(A) 44 (B) 45 (C) 47 (D) 49 **(C)**

8. એક સાથે ચીનની 50થી વધુ એપ પર પ્રતિબંધ મૂકનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે ?
(A) ભારત (B) અમેરિકા (C) બ્રિટન (D) ફ્રાન્સ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**29 JULY, 2020 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 29 જુલાઈ, આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day)

સમગ્ર વિશ્વમાં વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે **29 જુલાઈ**ના રોજ **'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ **2010**માં **રશિયા**ના **સેન્ટ પિટર્સબર્ગ** નામના શહેરમાં યોજાયેલી **'Tiger Summit'** માં આ દિવસની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### All India Tiger Estimation Report 2018

આ અગાઉ 29 જુલાઈ, 2019ના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' નિમિત્તે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **નવી દિલ્હી** ખાતેથી **'All India Tiger Estimation Report 2018'** રજૂ કર્યો હતો.

- આ રિપોર્ટ અનુસાર ભારતમાં વાઘની સંખ્યા **2,967** અથવા તો **3000** છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતના રાજ્યોમાં સૌથી વધુ વાઘ **મધ્યપ્રદેશ**માં છે.
- જ્યારે મધ્યપ્રદેશ બાદ **કર્ણાટક બીજા** અને **ઉત્તરાખંડ ત્રીજા** ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ભારતના વિવિધ રાજ્યોમાં વાઘની સંખ્યા**

| ક્રમ | રાજ્ય | વાઘની સંખ્યા |
|---|---|---|
| 1 | મધ્યપ્રદેશ | 526 |
| 2 | કર્ણાટક | 524 |
| 3 | ઉત્તરાખંડ | 442 |
| 4 | મહારાષ્ટ્ર | 312 |
| 5 | તમિલનાડુ | 264 |
| 6 | કેરળ, આસામ | 190 |

- ભારતમાં વર્ષ **2006, 2010** અને **2014** બાદ તાજેતરમાં વર્ષ **2018**માં વાઘની **ચોથી વખત** ગણતરી કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ **2014** બાદ વાઘની સંખ્યામાં સૌથી વધુ સુધારો **તમિલનાડુ**ના **સત્યમંગલમ્ ટાઈગર રિઝર્વ**માં થયો છે.
- જ્યારે ભારતમાં **મધ્યપ્રદેશ**ના **પેંચ ટાઈગર રિઝર્વ**માં વાઘોની સંખ્યા સૌથી વધુ છે.

## ભારતમાં વાઘની સંખ્યા

ભારતમાં વર્ષ 2014માં વાઘની સંખ્યા 2226 હતી.

- જે વધીને વર્ષ 2018માં 2967 અથવા તો અંદાજે 3000 જેટલી થઈ ગઈ છે.
- આથી, વર્ષ 2014 બાદ ભારતમાં વાઘની સંખ્યામાં 33 ટકાનો વધારો થયો છે.

### ભારતમાં વાઘની સંખ્યા

| ક્રમ | વર્ષ | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| 1 | 2006 | 1411 |
| 2 | 2010 | 1706 |
| 3 | 2014 | 2226 |
| 4 | 2018 | 2967 અથવા 3000 |

**નોંધ :** (1) વર્ષ 2010માં સેંટ પિટર્સબર્ગ સંમેલનમાં 2022 સુધીમાં વાઘોની સંખ્યા બમણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. જે ભારતે વર્ષ 2018માં જ પૂરું કરી લીધું છે.

(2) ભારતમાં વર્ષ 2018માં વાઘની વાસ્તવિક સંખ્યા 2603 થી 3346 સુધી હોવાની સંભાવના છે. આથી અંદાજિત 3000 સંખ્યા રજૂ કરવામાં આવી છે.



## ➤ ભારતના વિવિધ શહેરોના હવામાનની સચોટ માહિતી માટે કેન્દ્ર સરકાર દ્વારા 'મૌસમ' એપ લોન્ચ

27 જુલાઈ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના <u>પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડો. હર્ષવર્ધને</u> <u>'મૌસમ' (MAUSAM)</u> નામથી એક મોબાઈલ એપ લોન્ચ કરી છે.




- આ એપની મદદથી ભારતના <u>450 શહેરો</u>ના <u>હવામાન</u>ની માહિતી ઉપલબ્ધ થશે.
- જેથી આ એપની મદદથી ભારતના લગભગ મોટા તમામ શહેરોના હવામાનની જાણકારી મળી રહેશે.
- આ એપની મદદથી હવામાન, તાપમાન, વરસાદ, પવનની ઝડપ, હવામાં ભેજ વગેરે જેવી માહિતી સામાન્ય નાગરિકોને મળતી રહેશે.

**નોંધ :** (1) આ એપ પર <u>24 કલાક</u> હવામાનું <u>પૂર્વાનુમાન</u> આપવામાં આવશે.
(2) આ માટે આ એપને દિવસમાં <u>8 વખત</u> અપડેટ કરવામાં આવશે.
(3) આ એપમાં હવામાનની માહિતી ત્રણ રંગો <u>રેડ, યલો અને ઓરેન્જ</u>માં ઉપલબ્ધ થશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ એપ કોના દ્વારા વિકસાવવામાં આવી છે ?

ભારતમાં આ એપ નીચેની ત્રણ સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવી છે :

(1) International Crop Research Institute for the Semi-Arid Tropics (ICRISAT)

(2) Indian Institute of Tropical Meteorology (IITM) પૂણે અને

(3) Indian Meteorological Department (IMD)

- આ એપ <u>ગૂગલ પ્લે સ્ટોર</u> અથવા <u>એપ્પલ એપ સ્ટોર</u> પરથી ડાઉનલોડ કરી શકાશે.

**નોંધ :** (1) ભારતમાં <u>'પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય' (Ministry of Earth Sciences)</u>ના સ્થાપના દિવસ નિમિત્તે <u>27 જુલાઈ</u>ના રોજ એપ લોન્ચ કરવામાં આવી હતી.
(2) ભારતમાં <u>પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય</u>ની સ્થાપના વર્ષ <u>2006</u>માં થઈ હતી.

## ➢ 'પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય' દ્વારા તેના સ્થાપના દિન નિમિત્તે Knowledge Resource Centre Network (KRCNet) લોન્ચ

27 જુલાઈ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા તેના સ્થાપના દિન નિમિત્તે ભારતમાં વર્લ્ડ ક્લાસ 'Knowledge Resource Centre Network' (KRCNet) વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે.

- ભારતમાં ડિજિટલ ઈન્ડિયા પહેલ અંતર્ગત આ KRCNet વિકસાવવામાં આવશે.
- આ અંતર્ગત પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના પરંપરાગત પુસ્તકાલયોને ટોચના 'નોલેજ રિસોર્સ સેન્ટર' (KRC)માં તબદીલ કરવામાં આવશે.
- અને આ 'નોલેજ રિસોર્સ સેન્ટરો'ને એક બીજા સાથે કનેકટ કરવામાં આવશે તેમજ તેને KRCNet સાથે જોડવામાં આવશે.
- જે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની બૌદ્ધિક જગતમાં એક સિંગલ પોઈન્ટ એન્ટ્રી હશે.
- જેમાં એક જ પોર્ટલ KRCNet દ્વારા પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય સાથે સંકળાયેલી તમામ મહત્ત્વની માહિતી તથા બૌદ્ધિક સંસાધનોને ચોવીસ કલાક ઉપલબ્ધ કરાવવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ભારતની હિન્દી તથા ભોજપુરી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી કુમકુમનું નિધન



ભારતમાં હિન્દી તથા ભોજપુરી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી કુમકુમનું 28 જુલાઈ, 2020ના રોજ મુંબઈ ખાતે 86 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનું મૂળનામ 'ઝૈબુન્નિસ્સા' (Zaibunnissa) હતું.
- તેમનો જન્મ 22 એપ્રિલ 1934ના રોજ બિહારના શેખપુર જિલ્લાના હુસૈનાબાદમાં થયો હતો.

### કારકિર્દી

સુશ્રી કુમકુમે તેમની ફિલ્મ કારકિર્દીમાં 100થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું.

- તેમણે અનેક સુપરહીટ ફિલ્મોમાં અભિનય કર્યો હતો. તથા તેમણે અનેક પ્રસિદ્ધ હિન્દી ગીતો આપ્યા હતા.
- તેમની ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ શ્રી ગુરુદત્તની 1954માં પ્રસિદ્ધ થયેલી ફિલ્મ 'આર પાર'માં 'કભી આર કભી પાર લાગા તીરે નજર' ગીતના અભિનયથી થયો હતો.
- તેમણે 1963માં પ્રસિદ્ધ થયેલી પ્રથમ ભોજપુરી ફિલ્મ 'ગંગા મૈયા તોહે પિયારી ચઢાઈબો'માં પણ અભિનય કર્યો હતો.

## પ્રસિદ્ધ ફિલ્મો

તેમની પ્રસિદ્ધ ફિલ્મોમાં 'મધર ઈન્ડિયા', 'સન ઓફ ઈન્ડિયા', 'કોહિનૂર', 'મિસ્ટર એક્સ ઈન બોમ્બે', 'ઉજાલા', 'નયા દૌર', 'એક સપેરા', 'લૂટેરા' વગેરેનો સમાવેશ થાય છે.

**નોંધ :** સુશ્રી કુમકુમ અભિનિત કેટલાક પ્રસિદ્ધ ગીતોના નામ આ પ્રમાણે છે :

(1) કભી આર કભી પાર (આર પાર)
(2) મધુબન મેં રાધિકા નાચે (કોહિનૂર)
(3) મેરે મહેબૂબ કયામત હોગી (મિસ્ટર એક્સ ઈન બોમ્બે)
(4) યહ હૈ બોમ્બે મેરી જાન (CID)

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 27 જુલાઈ (B) 28 જુલાઈ (C) 29 જુલાઈ (D) 30 જુલાઈ **(C)**

2. વર્ષ 2018માં થયેલી ગણતરી અનુસાર ભારતમાં વાઘની સંખ્યા કેટલી છે ?
(A) 1967 અથવા 2000 (B) 2967 અથવા 3000
(C) 3967 અથવા 4000 (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

3. વર્ષ 2018માં થયેલી ચોથી વાઘની ગણતરી અનુસાર ભારતના કયા રાજ્યમાં વાઘની સંખ્યા સૌથી વધારે છે ?
(A) મધ્યપ્રદેશ (B) કર્ણાટક (C) ઉત્તરાખંડ (D) મહારાષ્ટ્ર **(A)**

4. વર્ષ 2014ની તુલનાએ વર્ષ 2018માં ભારતમાં વાઘની સંખ્યામાં આશરે કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 12 (B) 18 (C) 25 (D) 33 **(D)**

5. ભારતના વિવિધ શહેરોના હવામાનની સચોટ માહિતી માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ સરકારી મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?
(A) હવામાન (B) ક્લાયમેટ (C) મૌસમ (D) આબોહવા **(C)**

6. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી મૌસમ એપના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?
1. આ એપની મદદથી ભારતના 450 શહેરોના હવામાનની માહિતી ઉપલબ્ધ થશે.
2. તેમાં 24 કલાક હવામાનનું પૂર્વાનુમાન આપવામાં આવશે.
3. તેને દિવસમાં 12 વખત અપડેટ કરવામાં આવશે.
4. તેને ગૂગલ પ્લે સ્ટોર તથા એપ્પલ એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે.
Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'મૌસમ' નામની એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?
(A) ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી (B) અર્થ સાયન્સ
(C) હ્યુમન રિસોર્સિસ ડેવલપમેન્ટ (D) એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર્સ વેલ્ફેર (B)

8. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા તેના સ્થાપના દિન નિમિત્તે ભારતમાં વર્લ્ડ કલાસ 'નોલેજ રિસોર્સ સેન્ટર નેટવર્ક' (KRCNet) વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) માનવ સંસાધન વિકાસ (B) પૃથ્વી વિજ્ઞાન
(C) પર્યટન (D) સંસ્કૃતિ (B)

9. 'મેરે મહેબૂબ કયામત હોગી' તથા 'કભી આર કભી પાર' જેવા ગીતોથી મશહૂર ભારતના કયા પ્રસિદ્ધ અભિનેત્રીનું જુલાઈ 2020 દરમિયાન નિધન થયું છે ?
(A) મૂમતાઝ (B) નર્ગીસ (C) કુમકુમ (D) મીનાકુમારી (C)

10. ભારતમાં હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી કુમકુમનું તાજેતરમાં મુંબઈ ખાતે નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) મહારાષ્ટ્ર (B) બિહાર (C) મધ્યપ્રદેશ (D) ઉત્તરપ્રદેશ (B)

11. ભારતમાં હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી કુમકુમનું તાજેતરમાં મુંબઈ ખાતે નિધન થયું છે...તેમનું મૂળ નામ શું હતું ?
(A) મહેરુનિસ્સા (B) મુમતાઝ બાનુ (C) ઝૂબૈનુનિસ્સા (D) ઝૈબુનિસ્સા (D)

12. ભારતના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી કુમકુમના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. તેમણે શ્રી ગુરુદત્તની 'આર પાર' ફિલ્મથી હિન્દી ફિલ્મોમાં કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
2. તેમણે પ્રથમ ભોજપુરી ફિલ્મ 'ગંગા મૈયા તોહે પિયારી ચઢાઈબો'માં અભિનય કર્યો હતો.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત-1
(C) ફક્ત-2 (D) બેમાંથી એકપણ નહિ (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 30 JULY, 2020 THURSDAY

➤ **દિવસ મહિમા : (1) આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ (International Friendship Day)**
**(2) માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day against Trafficking in Persons)**

### આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ

27 એપ્રિલ, 2011ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં દર વર્ષે 30 જુલાઈના રોજ 'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ'ની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

- જોકે, ભારત સહિત કેટલાક દેશોમાં 30 જુલાઈને બદલે અલગ-અલગ દિવસે ફ્રેન્ડશિપ ડેની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારે 'ફ્રેન્ડશિપ ડે' ઉજવાય છે.

### માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ

માનવ તસ્કરીને કારણે પીડિત વ્યક્તિઓના અધિકારોના રક્ષણ તથા એ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં 30 જુલાઈના રોજ 'માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- United Nations Office on Drugs and Crime (UNODC) દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ની થીમ 'Honouring the first responders helping to end the crime of human trafficking : Law enforcement officers, social workers, healthcare professionals, NGO staff and others working to protect the vulnerable' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ
YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

## ➤ ફ્રાન્સની દસોલ્ટ એવિએશન દ્વારા નિર્મિત મહાવિનાશક રાફેલ વિમાન ભારતીય વાયુ સેનામાં સામેલ

29 જુલાઈ 2020ના રોજ ભારતમાં હરિયાણાના અંબાલા ખાતે આવેલા 'અંબાલા એર ફોર્સ સ્ટેશન' (Ambala Air Force Station)માં મહાવિનાશક રાફેલ વિમાનને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવ્યા છે.

### રાફેલ વિમાનનું ભારતમાં આગમન

27 જુલાઈ, 2020ના રોજ ફ્રાન્સના Merignac (મેરિનેક) નામના કોમ્યુન (Commune) અથવા તો પ્રાંતમાં આવેલા દસોલ્ટ એવિએશનના પ્લાન્ટમાંથી 5 રાફેલ વિમાનોએ ભારત આવવા માટે ઉડાન ભરી હતી.

- આ પાંચ રાફેલ વિમાનોમાં 3 સિંગલ સીટર વિમાન અને 2 ડબલ સિટર વિમાનનો સમાવેશ થાય છે.
- આ પાંચ વિમાનો લગભગ 8500 કિમી જેટલું અંતર કાપીને 29 જુલાઈ 2020ના રોજ ભારતના હરિયાણાના અંબાલા ખાતે આવેલા 'અંબાલા એર ફોર્સ સ્ટેશન' પર લેન્ડ થયા હતા.
- લેન્ડિંગ અગાઉ આ વિમાનોના સ્વાગત માટે બે સુખોઇ-30 MKI વિમાન દ્વારા તેને એસ્કોર્ટ કરવામાં આવ્યા હતા.
- ફ્રાન્સથી ભારત વચ્ચેની લગભગ 8500 કિમીની સફરમાં આ પાંચ રાફેલ વિમાનોએ ફક્ત એક જ જગ્યાએ સંયુક્ત આરબ અમિરાત (UAE)ના અબુ ધાબી પાસે આવેલા અલ ધાફ્રા એર બેઝ (Al Dhafra Air Base) ખાતે રોકાણ કર્યું હતું.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** આ રાફેલ વિમાનોએ જ્યારે હિંદમહાસાગરમાં ભારતીય વાયુસીમામાં પ્રવેશ કર્યો ત્યારે ભારતીય નૌસેનાના જહાજ INS કોલકાતાના કપ્તાને 'તમે આકાશની ઊંચાઈઓને આંબો' એમ કહીને તેનું સ્વાગત કર્યું હતું.

## રાફેલ ઉડાવનાર પ્રથમ ભારતીય પાઈલટ

આ પાંચ રાફેલ વિમાનોને ફ્રાન્સથી ભારત, ભારતીય પાઈલટો દ્વારા જ લાવવામાં આવ્યા હતા.

- જેમાંથી **એર કોમોડોર હિલાલ અહમદ રાઠેર (Hilal Ahmed Rather)** ભારતને સોંપાયેલ રાફેલ વિમાન ઉડાવનાર **પ્રથમ ભારતીય પાઈલટ** બની ગયા છે.
- શ્રી હિલાલ અહમદ **જમ્મુ કાશ્મીર**ના **અનંતનાગ** જિલ્લાના વતની છે.

**નોંધ :** (1) ભારતે ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાનો ખરીદવા માટે ડીલ કરી હતી. જેમાંથી પ્રથમ 5 વિમાનો ભારત આવી પહોંચ્યા છે.

(2) આ અગાઉ 8 ઓક્ટોબર, 2019ને વિજયાદશમીના રોજ તેમજ ભારતીય વાયુસેનાના 87મા સ્થાપના દિન નિમિત્તે ફ્રાન્સના Merignac (મેરિનેક) ખાતે આવેલા પ્લાન્ટમાં દસોલ્ટ એવિએશન દ્વારા પ્રતિકાત્મક રીતે ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહને પ્રથમ રાફેલ વિમાન સુપરત કરવામાં આવ્યું હતું.

(3) શ્રી રાજનાથ સિંહે ફ્રાન્સમાં આ પ્રથમ રાફેલ વિમાન પર ૐ લખીને તેની પૂજા પણ કરી હતી.

(4) હવે 29 જુલાઈ, 2020ના રોજ આ પ્રથમ રાફેલ વિમાન સહિત કુલ 5 વિમાન ભારત આવી પહોંચ્યા છે. અને તેમને ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા છે.

## સૌપ્રથમ કઈ સ્કવાડ્રનમાં આ વિમાનોને સામેલ કરવામાં આવ્યા છે ?

ભારતમાં આવી પહોંચેલા આ પ્રથમ 5 રાફેલ વિમાનોને ભારતમાં સૌપ્રથમ ભારતીય વાયુસેનાની **'17મી સ્કવાડ્રન'**માં સામેલ કરવામાં આવ્યા છે.

- ભારતમાં **હરિયાણા**ના **અંબાલા એર ફોર્સ સ્ટેશન** ખાતે ભારતીય વાયુસેનાની આ '17મી સ્કવાડ્રન' આવેલી છે.
- ભારતીય વાયુસેનાની આ '17મી સ્કવાડ્રન'ને **'ગોલ્ડન એરોઝ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ફ્લાઈટ લેફ્ટનન્ટ **ડી. એલ. સ્પ્રિંગેટ**ના નેતૃત્વમાં **અંબાલા**માં **1 ઓક્ટોબર, 1951**ના રોજ આ સ્કવાડ્રનની સ્થાપના થઈ હતી.
- જે બાદમાં વિખેરાઈ ગઈ હતી. અને રાફેલ વિમાનના સંચાલન માટે **10 સપ્ટેમ્બર, 2019**ના રોજ ભારતીય વાયુ સેના દ્વારા તેને ફરીથી શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) રાફેલ વિમાનને '17મી સ્ક્વાડ્રન'માં સામેલ કરવા માટેનો ઔપચારિક સમારોહ હવે પછી ઓગસ્ટ 2020 દરમિયાન યોજાશે.

(2) ભારતને મળનાર 36 રાફેલ વિમાનોમાંથી 18ને હરિયાણાના અંબાલા તથા 18ને પશ્ચિમ બંગાળના હાસીમારા એર બેઝ ખાતે રાખવામાં આવશે.

## રાફેલ વિમાનની વિશેષતા

તાજેતરમાં ભારતને સુપરત કરવામાં આવેલા રાફેલ વિમાનને ભારતીય વાયુસેનાના વડા શ્રી રાકેશકુમાર સિંહ ભદોરિયાના નામ પરથી RB 001 નામ આપવામાં આવ્યું છે.

- શ્રી રાજનાથ સિંહના જણાવ્યા અનુસાર 'રાફેલ'નો અર્થ 'આંધી' થાય છે.
- રાફેલ એ ફ્રાન્સનું અતિ આધુનિક બે એન્જિન ધરાવતું મલ્ટિરોલ ફાઈટર વિમાન છે.
- આ વિમાન હવામાંથી હવામાં તેમજ હવામાંથી જમીન પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી મિટિઅર અને સ્કાલ્પ (Meteor and Scalp) જેવી વિશિષ્ટ મિસાઈલથી સજ્જ છે.
- જેમાં સ્કાલ્પ મિસાઈલની રેન્જ લગભગ 300 કિમી સુધીની છે.
- આ વિમાન એન્ટિ શિપ એટેકથી લઈને પરમાણુ હુમલા તેમજ ક્લોઝ એરસપોર્ટ અને લેસર ડાઈરેક્ટ લોંગ રેન્જ મિસાઈલ હુમલા કરી શકે છે.
- આ વિમાન એક જ મિનિટમાં 60,000 ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે તેવું કહેવાય છે.
- રાફેલ વિમાન આશરે 24500 કિલો સુધીનું વજન લઈ જવામાં સક્ષમ છે.
- તેની મહત્તમ ઝડપ પ્રતિ કલાક 2223 કિમી સુધીની છે. તે માત્ર એક કલાકની અંદર દિલ્હીથી પાકિસ્તાનના કવેટા અને કવેટાથી પરત દિલ્હી ફરી શકે છે. આ બંને વચ્ચેનું કુલ અંતર 1986 કિમી જેટલું છે.
- તે પરમાણુ મિસાઈલ વહન કરવા માટે સક્ષમ છે.
- તે હવામાં ઉડતું હોય ત્યારે પણ તેમાં ઈંધણ ભરી શકાય છે.
- આ વિમાન 4.5 જનરેશનનું ફાઈટર પ્લેન છે.
- આ વિમાનમાં ભારતની જરૂરિયાત મુજબ ઈઝરાયેલી હેલમેટ માઉન્ટેડ ડિસ્પ્લે, રડાર વોર્નિંગ રિસિવર્સ, લો બેન્ડ જામર્સ, 10 કલાકની ફ્લાઈટ ડેટા રેકોર્ડિંગ સિસ્ટમ, ઈન્ફ્રારેડ સર્ચ, ટ્રેકિંગ સિસ્ટમ વગેરે જેવી અનેક ટેક્નોલોજી ઉમેરવામાં આવી છે.
- ફ્રાન્સની દસોલ્ટ એવિએશન (Dassault Aviation) નામની કંપની દ્વારા આ વિમાનની ડિઝાઈન તથા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# રાફેલ
## વિમાનની વિશેષતા



### વજન
આશરે 24500 કિલો સુધીનું વજન લઈ જવામાં સક્ષમ

### મહત્તમ ઝડપ
પ્રતિ કલાક 2223 કિમી

### જનરેશન
4.5 જનરેશનનું ફાઈટર પ્લેન

### ઊંચાઇ
એક જ મિનિટમાં 60,000 ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે

પરમાણુ મિસાઈલ વહન કરવા માટે સક્ષમ

બે એન્જિન ધરાવતું મલ્ટિરોલ ફાઈટર વિમાન

મિટિઅર અને સ્કાલ્પ (Meteor and Scalp) જેવી વિશિષ્ટ મિસાઈલથી સજ્જ

સ્કાલ્પ મિસાઈલની રેન્જ લગભગ 300 કિમી સુધીની

ફ્રાન્સની દસોલ્ટ એવિએશન (Dassault Aviation) નામની કંપની દ્વારા આ વિમાનની ડિઝાઈન તથા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ભારતીય વાયુસેનાના વડા શ્રી રાકેશકુમાર સિંહ ભદોરિયાના નામ પરથી RB 001 નામ આપવામાં આવ્યું

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-ફ્રાન્સ રાફેલ ડીલ

થોડા સમય અગાઉ એપ્રિલ, 2015 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની ફ્રાન્સ મુલાકાત દરમિયાન ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાન ખરીદવા માટે જાહેરાત કરી હતી.

- ત્યારબાદ જાન્યુઆરી, 2016 દરમિયાન આ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે MOU થયા હતા.
- આ MOU બાદ ભારત-ફ્રાન્સ વચ્ચે 23 સપ્ટેમ્બર, 2016ના રોજ ફાઈનલ ડીલ થઈ હતી. આ ડીલ અંતર્ગત ભારતના તત્કાલીન સંરક્ષણ મંત્રી શ્રી મનોહર પારિકર અને તેમના ફ્રેન્ચ સમકક્ષ શ્રી જીન યવેસ લે ડ્રીઆને 'ઈન્ટર ગવર્નમેન્ટલ એગ્રીમેન્ટ' (IGA) પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ એગ્રીમેન્ટ મુજબ ભારત ફ્રાન્સ પાસેથી 7.87 બિલિયન યુરો (એટલે કે એ સમયે ભારતીય રૂપિયાની કિંમત પ્રમાણે આશરે 58,891 કરોડ રૂપિયા)માં 28 સિંગલ સીટર અને 8 ડબલ સીટર મળીને કુલ 36 વિમાન ખરીદશે.
- આ 36 વિમાનોમાંથી જુલાઈ 2020 સુધીમાં ભારતને પ્રથમ પાંચ રાફેલ વિમાન મળી ગયા છે.

## રાફેલ ડીલ વિવાદ શું છે ?

ભારતમાં રાફેલ વિવાદનું મૂળ MRCA (MultiRole Combat Aircraft) Competition અથવા તો MRCA Tenderમાં છે.

- ભારતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા ફ્રાન્સ સાથે કરવામાં આવેલી ઉપરોક્ત ડીલ અગાઉ MRCA Tender અંતર્ગત વર્ષ 2012માં ભારત સરકાર દ્વારા ફ્રાન્સ પાસેથી કુલ 126 રાફેલ વિમાન ખરીદવાની અને તેમાંથી 108 વિમાનનું નિર્માણ ભારતમાં જ 'હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ' (HAL) નામની ભારત સરકારની એરોસ્પેસ અને ડિફેન્સ કંપની દ્વારા કરવામાં આવશે. અને આ માટેની ટેક્નોલોજી ફ્રાન્સ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી યોજના બનાવવામાં આવી હતી.
- જોકે આ માટે ફ્રાન્સની દસોલ્ટ એવિએશન નામની કંપની HAL દ્વારા તૈયાર થયેલા વિમાનની ક્વોલિટીની ખાતરી તથા લાંબી વોરંટી આપવા માટે તૈયાર ન હતી.
- આથી, આ ડીલ થઈ શકી ન હતી. પરંતુ જો આ ડીલ થઈ હોત તો આ ડીલનો લાભ ભારત સરકારની કંપની HALને મળે એમ હતો.

- પરંતુ MRCA tender અંતર્ગત ડીલ ન થઈ શકતા વર્તમાન સરકારે ફ્રાન્સ પાસેથી **36 રાફેલ વિમાન** ખરીદવા માટે નવી ડીલ કરી હતી. જેમાં ભારત સરકારની HALની જગ્યાએ ખાનગી કંપની રિલાયન્સ ગ્રુપને આ ડીલનો લાભ મળે તેમ છે. આથી, આ અંગે થોડા સમય અગાઉ રાજકીય વિવાદ સર્જાયો હતો.
- તાજેતરમાં થયેલી ઉપરોક્ત નવી ડીલ અંતર્ગત **50 ટકા 'ઓફસેટ ક્લોઝ'**નો ભારત સરકાર દ્વારા સમાવેશ કરવામાં આવ્યો હતો. જે મુજબ ફ્રાન્સની કંપનીએ આ ડીલની **50 ટકા રકમ** ભારતમાં પાછી રોકવી પડશે. અને 50 ટકા રકમમાંથી કંપનીએ **74 ટકા રકમ**ની ભારતમાંથી માલ–સામાન કે સેવાઓની ખરીદી કરવી પડશે.
- આથી, ઉપરોક્ત જરૂરિયાતને પૂરી કરવા માટે ફ્રાન્સની કંપની **દસોલ્ટ એવિએશને રિલાયન્સ ગ્રુપ** સાથે કરાર કર્યા હતા. અને ઓક્ટોબર 2016માં રિલાયન્સ ગ્રુપ અને દસોલ્ટ એવિએશન દ્વારા **51 : 49**ની પાર્ટનરશિપમાં **'દસોલ્ટ રિલાયન્સ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ'** નામના સંયુક્ત સાહસની રચનાની જાહેરાત કરવામાં આવી હતી.
- અને આ નવી રચાયેલી કંપની દ્વારા દસોલ્ટ એવિએશનના ફાલ્કન 2000 સિરીઝના જેટ વિમાનોના સ્પેર પાર્ટ્સનું ભારતમાં નિર્માણ કરવાની અને ભારતમાંથી ફ્રાન્સમાં નિકાસ કરવાની યોજના બનાવવામાં આવી હતી.
- જોકે, આ વિવાદ અંગે ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ ડીલમાં કંઈ ખોટું થયું હોય તેવું જણાતું નથી.

**નોંધ :** (1) સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વખત **18 મે 2001**ના રોજ **ફ્રેન્ચ નેવલ એવિએશન**ને **બે રાફેલ વિમાન** સોંપવામાં આવ્યા હતા. ફ્રાન્સ પાસે આવા હાલ આશરે **180** જેટલા રાફેલ વિમાનો છે.

(2) **ભારત** અગાઉ **ઈજિપ્ત** અને **કતાર** ફ્રાન્સ પાસેથી **24 - 24 રફાલ વિમાનો** ખરીદી ચૂક્યા છે.

(2) હાલ **ફ્રાન્સ** સિવાય **ભારત, ઈજિપ્ત** અને **કતાર** પાસે આ વિમાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ રાફેલ વિમાનને અત્યંત ઘાતક બનાવવા ભારતે 'હેમર મિસાઈલ'નો આપ્યો ઓર્ડર

ભારતીય એરફોર્સમાં સામેલ થયેલા નવા રાફેલ વિમાનની તાકાત વધારવા માટે ભારતે ફ્રાન્સને 'હેમર મિસાઈલ'નો ઈમરજન્સી ઓર્ડર આપ્યો છે.

- આ ઈમરજન્સી ઓર્ડરને કારણે ફ્રાન્સ ટૂંક સમયમાં જ હેમર મિસાઈલ ભારતને સોંપી દેશે.

### હેમર (HAMMER) મિસાઈલની વિશેષતા




હેમર એ એક મધ્યમ રેન્જની (Medium Range) મિસાઈલ છે.

- તેની મારક ક્ષમતા 60થી 70 કિમી સુધીની છે.
- તે હવામાંથી જમીન પર (Air to Ground) પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- તે કોઈપણ વાતાવરણ અને પરિસ્થિતિમાં કામ કરવા માટે સક્ષમ છે.
- આ મિસાઈલ જમીન તેમજ પર્વતીય વિસ્તારોમાં કોઈપણ પ્રકારના બંકર કે મજબૂત શેલ્ટર્સને ધ્વસ્ત કરવાની ક્ષમતા ધરાવે છે.

**નોંધ :** ફ્રાન્સની Safran Electronics & Defence નામની કંપની દ્વારા ફ્રાન્સની વાયુસેના તથા નૌસેના માટે આ મિસાઈલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


Available at
amazon

## HAMMERનું પૂરું નામ

**HAMMER** મિસાઈલનું પૂરું નામ **Highly Agile Modular Munition Extended Range (હાઈલી અજાઈલ મોડ્યુલર મ્યુનિશન એક્સટેન્ડેડ રેન્જ)** છે.

- આ મિસાઈલને **Armement Air-Sol Modulaire (AASM) HAMMER** તરીકે પણ ઓળખવામાં આવે છે.

**નોંધ :** (1) આ મિસાઈલના ભારતમાં આગમનથી ભારત પર્વતીય સ્થળો સહિતના કોઈપણ સ્થળે દુશ્મન દેશોના બંકર તથા મજબૂતમાં મજબૂત શેલ્ટર્સને પણ ધ્વસ્ત કરવામાં સક્ષમ બનશે.

(2) જે ચીન સાથેના યુદ્ધમાં પૂર્વી લદાખ સહિતના પર્વતીય વિસ્તારોમાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

### ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 જુલાઈ (B) 29 જુલાઈ (C) 30 જુલાઈ (D) 31 જુલાઈ **(C)**

2. 'માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 જુલાઈ (B) 29 જુલાઈ (C) 30 જુલાઈ (D) 31 જુલાઈ **(C)**

3. 29 જુલાઈ 2020ના રોજ ભારતમાં કેટલા રાફેલ વિમાનોનું આગમન થયું છે ?
(A) 3 (B) 4 (C) 5 (D) 7 **(C)**

4. 29 જુલાઈ 2020ના રોજ ભારતમાં પ્રથમ પાંચ રાફેલ વિમાનોનું આગમન થયું છે. આ પાંચ રાફેલ વિમાનોમાં નીચેનામાંથી કયા વિમાનોનો સમાવેશ થાય છે ?
(A) 5 સિંગલ સીટર
(B) 4 સિંગલ સીટર અને 1 ડબલ સીટર
(C) 3 સિંગલ સીટર અને 2 ડબલ સીટર
(D) 2 સિંગલ સીટર અને 3 ડબલ સીટર **(C)**

5. 29 જુલાઈ 2020ના રોજ ભારતના કયા સ્ટેશને પ્રથમ પાંચ રાફેલ વિમાનોનું આગમન થયું છે ?
(A) આદમપુર એર ફોર્સ સ્ટેશન, પંજાબ
(B) અવંતીપુર એર ફોર્સ સ્ટેશન, જમ્મુ કાશ્મીર
(C) અંબાલા એર ફોર્સ સ્ટેશન, હરિયાણા
(D) અમૃતસર એર ફોર્સ સ્ટેશન, પંજાબ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**6.** 29 જુલાઈ 2020ના રોજ ભારતમાં હરિયાણા ખાતેના અંબાલા એર ફોર્સ સ્ટેશને પ્રથમ પાંચ રાફેલ વિમાનોનું આગમન થયું છે...આ વિમાનોએ ફ્રાન્સમાં કઈ જગ્યાએ આવેલા દસોલ્ટ એવિએશનના પ્લાન્ટમાંથી ઉડાન ભરી હતી ?

(A) Levroux (B) Auxerre (C) Corbigny (D) Merignac **(D)**

**7.** ફ્રાન્સથી 8500 કિમીનું અંતર કાપીને પ્રથમ પાંચ રાફેલ વિમાનનું ભારતમાં આગમન થયું છે... આ પાંચ રાફેલ વિમાનોએ ફ્રાન્સથી ઉડાન ભર્યા બાદ કઈ જગ્યાએ રોકાણ કર્યું હતું ?

(A) અલ જાફરા એર બેઝ, સાઉદી અરેબિયા

(B) અલ જાફરા એર બેઝ, સંયુકત આરબ અમિરાત

(C) અલ ધાફરા એર બેઝ, સંયુકત આરબ અમિરાત

(D) અલ ધાફરા એર બેઝ, સાઉદી અરેબિયા **(C)**

**8.** તાજેતરમાં ભારતને સોંપાયેલ રાફેલ વિમાનને ઉડાવનાર પ્રથમ ભારતીય પાઈલટ કોણ છે ?

(A) શ્રી હિલાલ અહમદ (B) શ્રી હમિદ અન્સારી

(C) શ્રી હમિદ ઈકબાલ (D) શ્રી હમિદ નવાઝ **(A)**

**9.** ભારતમાં આવી પહોંચેલા પ્રથમ પાંચ રાફેલ વિમાનોને ભારતીય વાયુસેનાની કઈ સ્ક્વાડ્રનમાં સામેલ કરવામાં આવ્યા છે ?

(A) 13 મી સ્ક્વાડ્રન (B) 15 મી સ્ક્વાડ્રન

(C) 17 મી સ્ક્વાડ્રન (D) 19 મી સ્ક્વાડ્રન **(C)**

**10.** તાજેતરમાં ચર્ચામાં રહેલી ભારતીય વાયુસેનાની '17મી સ્ક્વાડ્રન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તેને 'ગોલ્ડન એરોઝ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. તે હરિયાણાના અંબાલા ખાતે આવેલી છે.
3. શ્રી ડી. એલ. સ્પ્રિંગેટના નેતૃત્વમાં 1951માં તેની સ્થાપના થઈ હતી.
4. 10 સપ્ટેમ્બર, 2019ના રોજ તેનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 2 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

11. ફ્રાન્સની કઈ કંપની દ્વારા તાજેતરમાં ભારતને પ્રથમ પાંચ રાફેલ વિમાન સુપરત કરવામાં આવ્યા છે ?

(A) દસોલ્ટ એવિએશન (B) બોર્ડેક્સ એરોનોટિક્સ
(C) હમ્બર્ટ એવિએશન (D) LH એવિએશન

(A)

12. તાજેતરમાં ભારતને સુપરત કરવામાં આવેલા પ્રથમ રાફેલ વિમાનને શું નામ આપવામાં આવ્યું હતું ?

(A) KB 001 (B) AB 001 (C) RB 001 (D) SB 001

(C)

13. ભારતના પ્રથમ રાફેલ વિમાનને કોના નામ પરથી RB 001 નામ આપવામાં આવ્યું છે ?

(A) શ્રી અબ્દુલ કલામ (B) શ્રી અટલબિહારી વાજપેઈ
(C) શ્રી રાકેશકુમાર સિંહ ભદોરિયા (D) શ્રી રાજેન્દ્રસિંહ ભદોરિયા

(C)

14. રાફેલ વિમાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. રાફેલનો અર્થ 'આંધી' થાય છે.
2. રાફેલ બે એન્જિન ધરાવતું વિમાન છે.
3. તે મલ્ટિરોલ ફાઈટર વિમાન છે.
4. તે હવામાંથી હવામાં અને હવામાંથી જમીન પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી મિટિઅર અને સ્કાલ્પ મિસાઈલથી સજ્જ છે.
5. 4.5 જનરેશનનું વિમાન છે.

(A) 1, 2, 3, 4, 5 (B) 1, 2, 3, 4 (C) 1, 3, 4, 5 (D) 1, 3, 5

(A)

15. ભારતે ફ્રાન્સ પાસેથી કુલ કેટલા રાફેલ વિમાનો ખરીદવા માટે ડીલ કરી છે ?

(A) 32 (B) 34 (C) 36 (D) 38

(C)

16. ફ્રાન્સ પાસેથી 36 રાફેલ વિમાન ખરીદવા માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે ફાઈનલ ડીલ ક્યારે થઈ હતી ?

(A) 23 સપ્ટેમ્બર, 2014 (B) 23 સપ્ટેમ્બર, 2015
(C) 23 સપ્ટેમ્બર, 2016 (D) 23 સપ્ટેમ્બર, 2017

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. ભારતે ફ્રાન્સ પાસેથી કેટલા બિલિયન યુરોમાં 36 રાફેલ વિમાન ખરીદવા માટે કરાર કર્યા છે ?

(A) 5.8 (B) 6.8 (C) 7.8 (D) 8.8 **(C)**

18. રાફેલ વિમાનને અત્યંત ઘાતક બનાવવા માટે ભારતે જુલાઈ 2020 દરમિયાન ફ્રાન્સને કઈ મિસાઈલનો ઈમરજન્સી ઓર્ડર આપ્યો છે ?

(A) મિટિઅર (B) સ્કાલ્પ (C) હેમર (D) પ્રકલ્પ **(C)**

19. તાજેતરમાં ભારતે ફ્રાન્સને હેમર મિસાઈલનો ઓર્ડર આપ્યો છે....હેમર કઈ રેન્જની મિસાઈલ છે ?

(A) શોર્ટ (B) મિડિયમ (C) લોન્ગ (D) વેરી લોન્ગ **(B)**

20. તાજેતરમાં ભારતે ફ્રાન્સને હેમર મિસાઈલનો ઓર્ડર આપ્યો છે....હેમર કયા પ્રકારની પ્રહાર ક્ષમતા ધરાવતી મિસાઈલ છે ?

(A) હવાથી હવા (B) હવાથી જમીન
(C) જમીનથી હવા (D) જમીનથી જમીન **(B)**

21. તાજેતરમાં ચર્ચામાં રહેલ હેમર મિસાઈલના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તેનું પૂરું નામ Highly Agile Modular Munition Extended Range છે.
2. તેની મારક ક્ષમતા 160 થી 170 કિમી સુધીની છે.
3. આ મિસાઈલ કોઈપણ પ્રકારના બંકર તેમજ મજબૂત શેલ્ટર્સને તોડી પાડવા માટે સક્ષમ છે.
4. ફ્રાન્સની સેફરન ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ડિફેન્સ નામની કંપની દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**31 JULY, 2020 FRIDAY**

## ➤ ગુજરાતના સુરતની માત્ર 14 વર્ષની બે વિદ્યાર્થીનીઓ દ્વારા ક્ષુદ્રગ્રહની શોધ




ગુજરાતના સુરતમાં પી. પી. સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલમાં ધોરણ 10માં અભ્યાસ કરતી બે વિદ્યાર્થીનીઓ

(1) સુશ્રી વૈદેહી વેકરિયા અને

(2) સુશ્રી રાધિકા લાખાણી

દ્વારા એક ક્ષુદ્રગ્રહ (Asteroid)ની શોધ કરવામાં આવી છે.

- આ ક્ષુદ્રગ્રહ (Asteroid) હાલમાં ચંદ્રની આસપાસ ફરી રહયો છે. અને તે પૃથ્વીની નજીક છે.
- તેને HLV-2514 નામ આપવામાં આવ્યું છે.

### કયા અભિયાન અંતર્ગત આ ક્ષુદ્ર ગ્રહની શોધ કરવામાં આવી છે ?

સુશ્રી વૈદેહી વેકરિયા અને સુશ્રી રાધિકા લાખાણીએ All India Asteroid Search Campaign-2020માં ભાગ લઈને આ સિદ્ધિ મેળવી છે.

- ભારતમાં SPACE India દ્વારા આ કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું.

**નોંધ :** સુરતની માત્ર 14 વર્ષની આ બે વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલી આ શોધને નાસાના વૈજ્ઞાનિકોએ પણ સમર્થન આપ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાઈવેટ સેક્રેટરી તરીકે શ્રી હાર્દિક શાહની નિમણૂક



તાજેતરમાં શ્રી હાર્દિક શાહની પ્રધાનમંત્રી કાર્યાલય (Prime Minister's Office-PMO)માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાઈવેટ સેક્રેટરી અથવા તો અંગત સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી હાર્દિક સતીષચંદ્ર શાહ 2010ની બેચના ગુજરાત કેડરના IAS ઓફિસર છે.
- શ્રી હાર્દિક શાહ હાલમાં PMOમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે કાર્યરત છે.

## ➤ નવું પોલીસ મેન્યુઅલ તૈયાર કરનાર ગુજરાત આંધ્રપ્રદેશ બાદ ભારતનું બીજું રાજ્ય બન્યું

ગુજરાત પોલીસ દ્વારા તાજેતરમાં નવો **'પોલીસ મેન્યુઅલ-2020 ડ્રાફ્ટ'** તૈયાર કરવામાં આવ્યો છે.

- આ સાથે જ **ગુજરાત** વર્તમાનમાં નવું પોલીસ મેન્યુઅલ તૈયાર કરનાર **આંધ્રપ્રદેશ** બાદ **ભારતનું બીજું રાજ્ય** બની ગયું છે.
- આ અંતર્ગત 30 જુલાઈ, 2020ના રોજ ગુજરાત રાજ્યના પોલીસ વડા **શ્રી શિવાનંદ ઝા**એ **ગાંધીનગર** ખાતે ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ને **'ગુજરાત પોલીસ મેન્યુઅલ-2020 ડ્રાફ્ટ'** અર્પણ કર્યો છે.

### પોલીસ મેન્યુઅલ શું છે ?

પોલીસ મેન્યુઅલ એ કોઈ પોલીસ અધિકારીને તેની કામગીરીમાં મદદ થઈ શકે તે માટેની એક **માર્ગદર્શિકા** છે.

- આ પોલીસ મેન્યુઅલમાં પોલીસની કામગીરી માટેના અધિનિયમ, કાર્યરીતિ, નિયમો અને વિવિધ ગુનાઓના ઉકેલ તથા તેને રોકવા માટેની તકનિકોનો સમાવેશ થાય છે.

### ગુજરાત પોલીસ મેન્યુઅલ-2020

ગુજરાત પોલીસ દ્વારા સૌપ્રથમ **1975**માં **ગુજરાત પોલીસ મેન્યુઅલ** તૈયાર કરવામાં આવ્યું હતું.

- જોકે, 1975 બાદ અત્યાર સુધીમાં થયેલા અનેક પરિવર્તનોને કારણે આ પોલીસ મેન્યુઅલ હવે જૂનવાણી, પુરાણું અને અસંગત થઈ ગયું હતું.
- આથી, ગુજરાત પોલીસની વર્તમાન તથા ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ **ગુજરાત પોલીસ મેન્યુઅલ 2020 ડ્રાફ્ટ** તૈયાર કરવામાં આવ્યો છે.
- આ ડ્રાફ્ટની રચના માટે ગુજરાત રાજ્યના DGP **શ્રી શિવાનંદ ઝા** દ્વારા **6 IPS અધિકારીઓ**ની એક **સમિતિ**ની રચના કરવામાં આવી હતી.

### આ મેન્યુઅલ ડ્રાફ્ટ કેટલા ભાગમાં છે ?

આ ગુજરાત પોલીસ મેન્યુઅલ-2020 ડ્રાફ્ટને **ત્રણ ભાગો**માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- **અંગ્રેજી** ઉપરાંત તેને **ગુજરાતી ભાષા**માં પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.
- આ ઉપરાંત આ નવા પોલીસ મેન્યુઅલ ડ્રાફ્ટને **E-Book**ના માધ્યમથી પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.
- ત્રણ ભાગમાં પ્રસિદ્ધ થયેલા આ નવા પોલીસ મેન્યુઅલ ડ્રાફ્ટમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે :

(1) CRPC, I.P.C., POCSO Act 2012, પુરાવા અધિનિયમ વગેરે જેવા એક્ટ.
(2) સાયબર ફોરેન્સિક લેબ, સાયબર ક્રાઈમ તપાસ સાધનો, સોશિયલ મીડિયા મોનિટરિંગ ટુલ્સ જેવી નવીન ટેક્નિકો તેમજ તાજેતરમાં થયેલા સુધારાઓ.
(3) મલ્ટિ લેવલ માર્કેટિંગ, FICN કેસ, હ્યુમન ટ્રાફિકિંગ, ડ્રગ ટ્રાફિકિંગ, સાયબર ક્રાઈમ અને ટ્રાન્સનેશનલ આતંકવાદ જેવી સંગઠિત ગુનાહિત પ્રવૃત્તિને નિયંત્રિત કરવાની પ્રક્રિયાઓ.

**નોંધ :** (1) ગુજરાત પોલીસ દ્વારા 1975 બાદ વર્ષ 2020માં બીજી વખત આ પોલીસ મેન્યુઅલની રચના કરવામાં આવી છે.
(2) ગુજરાત પોલીસ માટે સચોટ, સર્વગ્રાહી, સુવ્યવસ્થિત અને સમગ્રતાલક્ષી નવું પોલીસ મેન્યુઅલ તૈયાર કરવાના ભાગરૂપે આ 'ગુજરાત પોલીસ મેન્યુઅલ-2020 ડ્રાફ્ટ' તૈયાર કરવામાં આવ્યો છે.
(3) આ નવા પોલીસ મેન્યુઅલથી ગુજરાત પોલીસની કામગીરીને વધુ અસરકારક બનાવી શકાશે.

## ➤ ગુજરાત રાજ્યના નવા પોલીસ વડા તરીકે શ્રી આશિષ ભાટિયાની નિમણૂક



ગુજરાત રાજ્યના નવા પોલીસ વડા અથવા નવા પોલીસ મહાનિર્દેશક અથવા તો નવા DGP (Director General of Police) તરીકે શ્રી આશિષ ભાટિયાની નિમણૂક કરવામાં આવી છે.

- ગુજરાત રાજ્યના નવા DGP તરીકે શ્રી આશિષ ભાટિયાએ 31 જુલાઈ 2020ના રોજ નિવૃત્ત થયેલા શ્રી શિવાનંદ ઝાનું સ્થાન લીધું છે.
- મૂળ હરિયાણાના વતની એવા શ્રી આશિષ ભાટિયા 1985ની બેચના ગુજરાત કેડરના IPS ઓફિસર છે. ગુજરાત રાજ્યના નવા DGP તરીકેનું પદ સંભાળ્યા અગાઉ તેઓ ગુજરાતમાં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર તરીકે કાર્યરત હતા.
- શ્રી આશિષ ભાટિયાએ અમદાવાદ ઉપરાંત સુરત શહેર પોલીસ કમિશનર તેમજ CID ક્રાઈમના વડા તરીકેની પણ જવાબદારી નીભાવી છે.
- શ્રી આશિષ ભાટિયાએ વર્ષ 2008માં અમદાવાદ બોમ્બ બ્લાસ્ટનો કેસ માત્ર 19 દિવસમાં જ સોલ્વ કર્યો હતો.

**નોંધ :** (1) શ્રી આશિષ ભાટિયા ગુજરાતના 38મા DGP હોવાનું કહેવાય છે.
(2) ગુજરાતમાં પરંપરાગત રીતે, રાજ્યમાં સેવારત હોય તેવા સૌથી વરિષ્ઠ પોલીસ અધિકારીની ગુજરાતના પોલીસ વડા તરીકે નિમણૂક કરવામાં આવે છે. જોકે, આવો કોઈ લેખિત નિયમ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXA

## ICE Questions

1. ગુજરાતના કયા શહેરની માત્ર 14 વર્ષની બે વિદ્યાર્થીનીઓ દ્વારા એક ક્ષુદ્રગ્રહની શોધ કરવામાં આવી છે ?

(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) સુરત (D) વડોદરા **(C)**

2. ગુજરાતના સુરત શહેરની કઈ બે વિદ્યાર્થીનીઓ દ્વારા એક ક્ષુદ્રગ્રહની શોધ કરવામાં આવી છે ?

(A) સુશ્રી વૈદેહી વેકરિયા અને સુશ્રી રાધિકા લાખાણી
(B) સુશ્રી વૈદેહી વેકરિયા અને સુશ્રી રાધિકા રામાણી
(C) સુશ્રી વૈદેહી વેકરિયા અને સુશ્રી રાધિકા મેઘાણી
(D) સુશ્રી વૈદેહી વેકરિયા અને સુશ્રી રાધિકા લાલાણી **(A)**

3. ગુજરાતના સુરત શહેરની બે વિદ્યાર્થીનીઓ દ્વારા એક ક્ષુદ્રગ્રહની શોધ કરવામાં આવી છે.. આ ક્ષુદ્રગ્રહને શું નામ આપવામાં આવ્યું છે ?

(A) HLV-2314 (B) HLV-2414 (C) HLV-2514 (D) HLV-2614 **(C)**

4. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાઈવેટ સેક્રેટરી (અંગત સચિવ) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી હાર્દિક પટેલ (B) શ્રી હાર્દિક પંડયા
(C) શ્રી હિમાંશુ શાહ (D) શ્રી હાર્દિક શાહ **(D)**

5. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાઈવેટ સેક્રેટરી તરીકે શ્રી હાર્દિક શાહની નિમણૂક કરવામાં આવી છે....શ્રી હાર્દિક શાહ કઈ કેડરના 2010ની બેચના IAS ઓફિસર છે ?

(A) ગુજરાત (B) રાજસ્થાન (C) દિલ્હી (D) પંજાબ **(A)**

6. તાજેતરમાં નવું પોલીસ મેન્યુઅલ તૈયાર કરનાર ગુજરાત કયા રાજ્ય બાદ ભારતનું બીજું રાજ્ય બન્યું છે ?

(A) તમિલનાડુ (B) તેલંગાણા (C) કેરળ (D) આંધ્રપ્રદેશ **(D)**

7. તાજેતરમાં ગાંધીનગર ખાતે કોના દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને 'ગુજરાત પોલીસ મેન્યુઅલ-2020 ડ્રાફ્ટ' અર્પણ કરવામાં આવ્યો હતો ?

(A) શ્રી પ્રદિપ સિંહ જાડેજા (B) શ્રી રાજદીપ સિંહ ઝાલા
(C) શ્રી શિવાનંદ ઝા (D) શ્રી આશિષ ભાટિયા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. ગુજરાત પોલીસ દ્વારા સૌપ્રથમ વખત ક્યારે ગુજરાત પોલીસ મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું હતું ?
(A) 1965 (B) 1970 (C) 1975 (D) 1985 **(C)**

9. ગુજરાત પોલીસ દ્વારા કેટલા ભાગોમાં 'ગુજરાત પોલીસ મેન્યુઅલ-2020 ડ્રાફ્ટ' તૈયાર કરવામાં આવ્યો છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત **(A)**

10. 1975માં પ્રથમ પોલીસ મેન્યુઅલની રચના બાદ ગુજરાત પોલીસ દ્વારા વર્ષ 2020માં કેટલામી વખત નવા પોલીસ મેન્યુઅલની રચના કરવામાં આવી છે ?
(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી **(A)**

11. ગુજરાતમાં નવા પોલીસ મેન્યુઅલ 2020નો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે કેટલા IPS સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી હતી ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ **(D)**

12. જુલાઈ, 2020 દરમિયાન ભારતના કયા રાજ્યની પોલીસ દ્વારા 'પોલીસ મેન્યુઅલ-2020 ડ્રાફ્ટ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ?
(A) તેલંગાણા (B) ઉત્તરપ્રદેશ (C) ગુજરાત (D) બિહાર **(C)**

13. ગુજરાત રાજ્યના નવા પોલીસ વડા અથવા નવા પોલીસ મહાનિર્દેશક અથવા તો નવા DGP તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી શિવાનંદ ઝા (B) શ્રી આશિષ ભાટિયા
(C) શ્રી અભય વર્મા (D) શ્રી અજય શુક્લા **(B)**

14. ભારતના કયા રાજ્યમાં જન્મેલા શ્રી આશિષ ભાટિયાની ગુજરાત રાજ્યના નવા DGP તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) ગુજરાત (B) હરિયાણા (C) પંજાબ (D) મહારાષ્ટ્ર **(B)**

15. ગુજરાત રાજ્યના નવા DGP તરીકે શ્રી આશિષ ભાટિયાની નિમણૂક કરવામાં આવી છે....શ્રી આશિષ ભાટિયા કઈ કેડરના 1985ની બેચના IPS ઓફિસર છે ?
(A) ગુજરાત (B) હરિયાણા (C) પંજાબ (D) મહારાષ્ટ્ર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 1 AUGUST, 2020 SATURDAY

### ➤ ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી

ગુજરાત સરકાર દ્વારા 1થી 14 ઓગસ્ટ 2020 દરમિયાન ‘મહિલા સશક્તિકરણ પખવાડિયા’ની ઉજવણી કરવામાં આવી છે.

- આ અંતર્ગત મહિલા સશિક્તકરણ પખવાડિયાના વિષયો આ પ્રમાણે છે :

**મહિલા સશક્તિકરણ પખવાડિયાના વિષયો**

| ઓગસ્ટ મહિનાની તારીખ | વિષય |
|---|---|
| 1 | મહિલા સુરક્ષા દિવસ |
| 2 | બેટી બચાવો બેટી પઢાઓ |
| 3 | મહિલા સ્વાવલંબન દિવસ |
| 4 | મહિલા નેતૃત્વ દિવસ |
| 5 | મહિલા આરોગ્ય દિવસ |
| 6 | મહિલા કૃષિ દિવસ |
| 7 | મહિલા શિક્ષણ દિવસ |
| 8 | મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ |
| 9 | મહિલા કલ્યાણ દિવસ |
| 10 | મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસ |
| 11 | મહિલા કર્મયોગી દિવસ |
| 12 | મહિલા કાનૂની જાગૃતિ દિવસ |
| 13 | શ્રમજીવી મહિલા દિવસ |
| 14 | શારીરિક સૌષ્ઠવ દિવસ |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ગુજરાત સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા આ પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે.

(2) ગુજરાત સરકાર દ્વારા ‘સશક્તિકરણ, સુરક્ષા અને સ્વાસ્થ્ય’ના સૂત્ર સાથે આ પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે.

(3) ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી સુશ્રી આનંદીબેન પટેલ દ્વારા વર્ષ 2014-15થી ગુજરાતમાં ‘મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારથી દર વર્ષે 1થી 14 ઓગસ્ટ દરમિયાન ગુજરાતમાં આ પખવાડિયું ઉજવાય છે.

## ➤ 1 થી 7 ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **1 થી 7 ઓગસ્ટ** દરમિયાન **'વિશ્વ સ્તનપાન સપ્તાહ' (World Breast Feeding Week)**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ વીકની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવાનો છે.
- **WABA** દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ **2020**ના **'World Breastfeeding Week'**ની થીમ **'Support Breastfeeding for a healthier Planet'** છે.
- **World Alliance for Breastfeeding Actionn (WABA)** દ્વારા **14 ફેબ્રુઆરી 1991**ના રોજ આ સપ્તાહની ઉજવણીની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત **1992**થી દર વર્ષે આ સપ્તાહ ઉજવાય છે.
- હાલ **WABA, WHO અને UNICEF** દ્વારા આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ :** UNICEFનું પૂરું નામ United Nations International Children's Emergency Fund છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતની પ્રથમ સોલાર ફેરી 'આદિત્ય' (ADITYA) વૈશ્વિક 'ગુસ્તાવે ટ્રોવે' એવોર્ડથી સન્માનિત

ભારતના **કેરળ**માં પેસેન્જરોને લાવવા લઈ જવા માટે સૂર્ય ઊર્જા દ્વારા સંચાલિત **ઈલેક્ટ્રીક બોટ**ની મદદથી **ભારતની પ્રથમ સોલાર ફેરી** સર્વિસ **'આદિત્ય'** શરૂ કરવામાં આવી છે.




- કેરળના **અલાપ્પુઝ્ઝા (Alappuzha)** જિલ્લામાં **વૈકમ (Vaikom) અને થાવાનાકડાવુ (Thavanakadavu)** વચ્ચે વર્ષ 2017થી આ સોલાર ફેરી શરૂ કરવામાં આવી છે.
- ભારતની આ પ્રથમ સોલાર ફેરી **આદિત્ય**ને 27 જુલાઈ 2020ના રોજ પ્રતિષ્ઠિત **ગુસ્તાવે ટ્રોવે (Gustave Trouve) એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવી છે.
- આ એવોર્ડ અંતર્ગત **'આદિત્ય'**ને **'ferries designed for paid passenger service'**ની કેટેગરીમાં **વિશ્વની શ્રેષ્ઠ ઈલેક્ટ્રીક બોટ** જાહેર કરવામાં આવી છે.

## ગુસ્તાવે ટ્રોવે એવોર્ડ

ગુસ્તાવે ટ્રોવે એવોર્ડ એ ખાસ કરીને ઈલેક્ટ્રીક બોટ માટે એનાયત થતો એકમાત્ર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે.

- કેનેડિયન વેબસાઈટ Plugboats.com દ્વારા વર્ષ 2020માં લોન્ચ કરવામાં આવેલી 'Vote on-line for the best electric boats of the year' નામની સ્પર્ધા દ્વારા એનાયત થતો એવોર્ડ 'Gustave Trouve Award' તરીકે ઓળખાય છે.
- 2 જાન્યુઆરી, 1839માં ફ્રાન્સમાં જન્મેલા પ્રસિદ્ધ ઈલેક્ટ્રીકલ એન્જિનિયર શ્રી ગુસ્તાવે ટ્રોવેની યાદમાં આ એવોર્ડ એનાયત થાય છે.

## ICE Questions

1. તાજેતરમાં ગુજરાતમાં કયા સમયગાળા દરમિયાન 'મહિલા સશક્તિકરણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 1 થી 14 જૂન (B) 1 થી 14 જુલાઈ
(C) 1 થી 14 ઓગસ્ટ (D) 1 થી 14 સપ્ટેમ્બર **(C)**

2. તાજેતરમાં ગુજરાતમાં 'મહિલા સશક્તિકરણ પખવાડિયા' નિમિત્તે કયા દિવસે 'મહિલા સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 1 ઓગસ્ટ (B) 2 ઓગસ્ટ (C) 4 ઓગસ્ટ (D) 14 ઓગસ્ટ **(A)**

3. તાજેતરમાં ગુજરાતમાં 'મહિલા સશક્તિકરણ પખવાડિયા' નિમિત્તે કયા દિવસે 'બેટી બચાવો બેટી પઢાઓ' દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 1 ઓગસ્ટ (B) 2 ઓગસ્ટ (C) 4 ઓગસ્ટ (D) 14 ઓગસ્ટ **(B)**

4. ગુજરાતમાં ઉજવાતા 'મહિલા સશકિતકરણ પખવાડિયા'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
 1. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી સુશ્રી આનંદીબેન પટેલે તેની ઉજવણીનો પ્રારંભ કર્યો હતો.
 2. વર્ષ 2013થી ગુજરાતમાં દર વર્ષે ઓગસ્ટ મહિનામાં આ પખવાડિયું ઉજવાય છે.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. સમગ્ર વિશ્વમાં 1 થી 7 ઓગસ્ટ દરમિયાન કયા સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે ?

(A) વિશ્વ પર્યાવરણ બચાવો સપ્તાહ (B) વિશ્વ વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ

(C) વિશ્વ સ્તનપાન સપ્તાહ (D) વિશ્વ બાળ સુરક્ષા સપ્તાહ **(C)**

6. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1થી 7 જૂન (B) 1થી 7 જુલાઈ

(C) 1થી 7 ઓગસ્ટ (D) 1થી 7 સપ્ટેમ્બર **(C)**

7. વર્ષ 2020ની 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની થીમ શું છે ?

(A) Support breastfeeding for a healthier Planet

(B) Empower Mothers, Enable Breastfeeding

(C) Breastfeeding : Foundation of Life

(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

8. ભારતની કઈ પ્રથમ સોલાર ફેરીને વૈશ્વિક 'ગુસ્તાવે ટ્રોવે એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી છે ?

(A) આકાર (B) આદિત્ય (C) પ્રભાત (D) ભાસ્કર **(B)**

9. ભારતના કયા રાજ્યમાં શરૂ થયેલી 'આદિત્ય' નામની ભારતની પ્રથમ સોલાર ફેરીને વૈશ્વિક 'ગુસ્તાવે ટ્રોવે એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી છે ?

(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ

(C) કેરળ (D) તેલંગાણા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ કોરોનાકાળમાં 80 ટકાથી વધુ લોકોને ગુજરાત સરકારની કામગીરીથી સંતોષ

કોરોના મહામારીમાં ગુજરાત સરકારની કામગીરી અંગે IIM, અમદાવાદના પ્રોફેસર રંજનકુમાર ઘોષ અને તેમની ટીમ દ્વારા એક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર કોરોનાકાળ દરમિયાન ગુજરાત સરકારે કરેલી કામગીરી અંગે સર્વેક્ષણમાં સામેલ 80 ટકાથી વધુ લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. જ્યારે આ રિપોર્ટ અનુસાર મે 2020 દરમિયાન 1000થી વધુ સ્પેશિયલ ટ્રેનો દ્વારા એકલા ગુજરાતે 26 ટકા શ્રમિકોને તેમના વતનમાં મોકલ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ગુજરાત સરકારના સરકારી કર્મચારીઓ માટે CCC/CCC + પરીક્ષા પાસ કરવાની સમયમર્યાદા 30 ડિસેમ્બર, 2020 સુધી લંબાવાઈ

ગુજરાત સરકાર દ્વારા સરકારી કર્મચારીઓ માટે વર્ષ 2007થી ફરજિયાત કોમ્પ્યુટર ટેસ્ટ દાખલ કરવામાં આવી હતી. અને એ અગાઉથી ગુજરાત સરકારમાં જોડાયેલા કર્મચારીઓ માટે આ પરીક્ષા પાસ કરવાની હાલની છેલ્લી મુદત 30 એપ્રિલ, 2016 હતી. જેને લીધે આ પરીક્ષા પાસ ન કરી શકવાને કારણે ગુજરાત સરકારમાં 1975થી 1985 દરમિયાન જોડાયેલા અનેક કર્મચારીઓ બઢતી તથા ઉચ્ચત્તર પગાર ધોરણના લાભથી વંચિત થઈ ગયા હતા. આથી, આવા કર્મચારીઓને લાભ થાય તે માટે ગુજરાત સરકારે હવે CCC અથવા તો CCC+ પરીક્ષા પાસ કરવાની સમયમર્યાદા 30 ડિસેમ્બર, 2020 સુધી લંબાવી દીધી છે.

### ➤ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા રક્ષાબંધન નિમિત્તે 'પહેલી રાખી દેશ પ્રેમ કી' કાર્યક્રમનું આયોજન

મા ભોમની રક્ષા માટે દેશની સરહદ પર ફરજ બજાવતા વીર જવાનોના રક્ષણ માટે તેમજ તેમનું મનોબળ વધારવા માટે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા 'પહેલી રાખી દેશ પ્રેમ કી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ

અંતર્ગત **રક્ષાબંધન**ના પર્વ નિમિત્તે ગુજરાતના 18,500થી વધુ ગામડાની **બહેનો દ્વારા જાતે તૈયાર** કરાયેલ રાખડી અને તેમની લોકભાષામાં લખેલા **વિજયસૂત્રના સંદેશને** મુખ્યમંત્રીશ્રી દ્વારા દેશની વિવિધ સરહદો ઉપર ફરજ બજાવતાં જવાનોને મોકલી આપવામાં આવ્યા હતા.

## ➢ અંબાજી મંદિર 'પ્રસાદ યોજના'માં સમાવેશ પામનાર ગુજરાતનું ત્રીજું તીર્થધામ બન્યું

ભારતમાં કેન્દ્ર સરકારે **'પ્રસાદ યોજના'** અંતર્ગત ભારતના નવા **પાંચ** તીર્થધામોનો સમાવેશ કરવાની જાહેરાત કરી છે. જેમાં **ગુજરાત**ના પ્રસિદ્ધ તીર્થ ધામ **અંબાજી મંદિર**નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે જ **દ્વારકા અને સોમનાથ** બાદ **અંબાજી 'પ્રસાદ યોજના'** અંતર્ગત સમાવેશ પામનાર **ગુજરાતનું ત્રીજું તીર્થધામ** બની ગયું છે. ભારતમાં ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપવા માટે અને ભારતના પ્રસિદ્ધ તીર્થધામોના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ **2014-15**માં **'પ્રસાદ યોજના'** શરૂ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત

## ➢ ભારતે બાંગ્લાદેશને 10 બ્રોડ ગેજ ડીઝલ રેલવે એન્જિન ગિફ્ટમાં આપ્યા

તાજેતરમાં ભારતે **બાંગ્લાદેશ**ને **10 બ્રોડ ગેજ ડીઝલ રેલવે એન્જિન** ગિફ્ટમાં આપ્યા છે. ઓક્ટોબર **2019**માં બાંગ્લાદેશના વડાપ્રધાન સુશ્રી શેખ હસીનાની ભારત યાત્રા દરમિયાન ભારતે બાંગ્લાદેશને આ એન્જિન ભેટ આપવાની જાહેરાત કરી હતી. આ રેલવે એન્જિનની મદદથી બાંગ્લાદેશમાં રેલવેના વિકાસમાં મદદ થશે.

## ➢ ભારતથી પ્રથમ વખત મિની ટ્રક બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા

જુલાઈ, 2020 દરમિયાન **ભારતથી પ્રથમ** વખત **મિની ટ્રક બાંગ્લાદેશ** મોકલવામાં આવ્યા છે. આ મિની ટ્રકમાં **ટાટા કંપની**ના **15 મિની ટ્રક**નો સમાવેશ થાય છે.

## ➢ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પ્રથમ કન્ટેનર ટ્રેન સેવાનો પ્રારંભ

જુલાઈ, 2020 દરમિયાન **ભારત**માંથી એક **કન્ટેનર ટ્રેન બાંગ્લાદેશ** મોકલવામાં આવી

હતી. આ સાથે જ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કન્ટેનર ટ્રેન સેવાનો પ્રારંભ થઈ ગયો છે. ભારતના કોલકાતા ખાતે આવેલા માજેરહાટ રેલવે સ્ટેશન ખાતેથી સાબુ, શેમ્પુ, કપડા સહિતની વસ્તુથી ભરેલી 50 કન્ટેનરોવાળી આ પ્રથમ ટ્રેન 26 જુલાઈ 2020ના રોજ બાંગ્લાદેશના બેનાપોલ સ્ટેશને પહોંચી હતી. ભારતના કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને બાંગ્લાદેશ કન્ટેનર કંપની લિમિટેડ વચ્ચે 2017માં થયેલી સમજૂતી અંતર્ગત આ કન્ટેનર ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે. આ અગાઉ 13 જુલાઈ 2020ના રોજ ભારતના આંધ્રપ્રદેશમાંથી મરચું ભરેલી પ્રથમ પાર્સલ ટ્રેન બાંગ્લાદેશ મોકલવામાં આવી હતી.

## ➤ ભારતમાં કેન્દ્ર સરકારના બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સની મોબાઈલ એપ BIS CARE લોન્ચ

ભારતમાં કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતો અંગેના મંત્રી શ્રી રામવિલાસ પાસવાને ભારતમાં રાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ નક્કી કરતી સંસ્થા Bureu of Indian Standards (BIS)ની એક મોબાઈલ એપ BIS CAREનો શુભારંભ કરાવ્યો છે. આ એપની મદદથી ગ્રાહકોને ISI તથા હોલમાર્ક વાળી પ્રોડક્ટો વિશેની માહિતી ઉપલબ્ધ થશે. તેથી તેઓ નકલી અને ખોટા માર્કાવાળી પ્રોડક્ટની સરળતાથી ઓળખ કરી શકશે. આ ઉપરાંત ગ્રાહકો આ એપની મદદથી ફરિયાદ પણ કરી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મોરેશિયસની સુપ્રીમ કોર્ટના નવા ભવનનું ઉદ્ઘાટન

30 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સની મદદથી મોરેશિયસની સુપ્રીમ કોર્ટના નવા ભવનનું ઉદ્ઘાટન કર્યું છે. સુપ્રીમ કોર્ટનું આ ભવન મોરેશિયસની રાજધાની પોર્ટ લૂઈસ ખાતે આવેલું છે. આ ભવનનું નિર્માણ ભારતના સહયોગથી કરવામાં આવ્યું છે. આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં મોરેશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિન્દ જુગનાથ પણ ઉપસ્થિત રહયા હતા.

ICE Questions

- તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલા રિપોર્ટમાં કોરોના મહામારી દરમિયાન ગુજરાત સરકારે કરેલી કામગીરી અંગે 80 ટકાથી વધુ લોકોએ સંતોષ વ્યકત કર્યો છે ? – IIM, અમદાવાદ
- ગુજરાત સરકારે તેના સરકારી કર્મચારીઓ માટે CCC અથવા તો CCC+ પરીક્ષા પાસ કરવાની મુદત કયાં સુધી વધારી છે ? – 30 ડિસેમ્બર, 2020
- ગુજરાતમાં રક્ષાબંધનના પર્વ નિમિત્તે કોના દ્વારા ‘પહેલી રાખી દેશ પ્રેમ કી’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ? – સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ
- તાજેતરમાં કેન્દ્ર સરકારે ગુજરાતના કયા તીર્થધામનો ‘પ્રસાદ યોજના’ અંતર્ગત સમાવેશ કર્યો છે ? – અંબાજી મંદિર
- અંબાજી મંદિર કેન્દ્ર સરકારની ‘પ્રસાદ યોજના’માં સમાવેશ પામનાર ગુજરાતનું કેટલામું તીર્થધામ બન્યું છે ? – ત્રીજું
- કેન્દ્ર સરકારની ‘પ્રસાદ યોજના’ અંતર્ગત ગુજરાતના કયા ત્રણ તીર્થધામનો સમાવેશ થયો છે ? – દ્વારકા, સોમનાથ અને અંબાજી
- જુલાઈ 2020 દરમિયાન ભારતે કયા દેશને 10 બ્રોડગેજ ડીઝલ રેલવે એન્જિન ગિફટમાં આપ્યા છે ? – બાંગ્લાદેશ
- જુલાઈ 2020 દરમિયાન ભારતે બાંગ્લાદેશને કેટલા બ્રોડ ગેજ ડીઝલ રેલવે એન્જિન ગિફટમાં આપ્યા છે ? – 10
- તાજેતરમાં ભારતમાંથી કયા દેશમાં પ્રથમ વખત 15 મિની ટ્રક મોકલવામાં આવ્યા છે ? – બાંગ્લાદેશ
- તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે પ્રથમ કન્ટેનર ટ્રેન સેવાનો પ્રારંભ થયો છે ? – બાંગ્લાદેશ
- ભારતના કયા શહેરથી પ્રથમ કન્ટેનર ટ્રેન બાંગ્લાદેશ મોકલવામાં આવી છે ? – કોલકાતા

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ભારતમાં કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતો અંગેના મંત્રી શ્રી રામવિલાસ પાસવાને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ની કઈ મોબાઈલ એપ લોન્ચ કરી છે ?
  **– BIS CARE**
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની મદદથી નિર્માણ પામેલા કયા દેશની સુપ્રીમ કોર્ટના નવા ભવનનું ઉદ્‌ઘાટન કર્યું છે ? **– મોરેશિયસ**
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મોરેશિયસના કયા શહેરમાં આવેલ સુપ્રીમ કોર્ટના નવા ભવનનું ઉદ્‌ઘાટન કર્યું છે ? **– પોર્ટ લૂઈસ**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ચીનના કયા શહેરમાં આવેલું અમેરિકાનું વાણિજ્ય દૂતાવાસ બંધ કરવાનો ચીને અમેરિકાને આદેશ આપ્યો છે ? – ચેંગ્દૂ

(આ અગાઉ અમેરિકાએ ચીનને સૌપ્રથમ અમેરિકાના હ્યુસ્ટન અને ત્યારબાદ ટેકસાસ શહેરમાં આવેલા કુલ બે વાણિજ્ય દૂતાવાસ બંધ કરવાનો આદેશ આપ્યો હતો. તેના જવાબમાં ચીને આ નિર્ણય કર્યો છે.)

2. વર્ષ 2018માં જકાર્તામાં યોજાયેલી એશિયન ગેમ્સમાં કઈ ઈવેન્ટમાં ભારતને મળેલો સિલ્વર મેડલ હવે અપગ્રેડ થઈને ગોલ્ડ મેડલમાં તબદીલ થઈ ગયો છે ? – 4 X 400 મીટર મિકસ રિલે ટીમ

(કારણ કે દોડની 4 X 400 મીટર મિકસ રિલે ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ વિજેતા ટીમ બહેરીનનો એક સભ્ય કેમી એડેકોયા ડોપિંગમાં પ્રતિબંધિત થયો હોવાથી આ ઈવેન્ટમાં ભારતને મળેલો સિલ્વર મેડલ હવે ગોલ્ડ મેડલ તરીકે અપગ્રેડ થઈ ગયો છે.)

3. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રીશ્રીએ તાજેતરમાં એક ખાનગી કંપનીના પાપડ લોન્ચ કરતા જણાવ્યું હતું કે 'ભાભીજી પાપડ' ખાવાથી કોરોના સામે લડવા એન્ટિબોડી ડેવલપ થશે ? – શ્રી અર્જુન રામ મેઘવાલ

(તેઓ રાજસ્થાનની બિકાનેર લોકસભા સીટ પરથી સાંસદ છે.)

4. કયા દેશના સંશોધકોએ કોરોના સામે એન્ટિબોડી પેદા કરે એવા ડુપ્લિકેટ કોરોના વાઈરસ વિકસાવ્યા છે ? – અમેરિકા

(અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસિને 'VSV' નામનો આ વાઈરસ તૈયાર કર્યો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. તાજેતરમાં કયા દેશની સરકારે ભારતમાંથી અલગ ખાલિસ્તાનની માગણી કરતો 'પંજાબ 2020 રેફરેન્ડમ' ફગાવી દીધો છે ? – કેનેડા

(કેનેડામાં નવેમ્બર 2020માં શીખ્સ ફોર જસ્ટિસ - SFJ નામના અલગતાવાદી અને ભારતના પંજાબમાંથી અલગ ખાલિસ્તાનની રચના કરવાની માંગ કરી રહેલા જૂથે આ રેફરેન્ડમનું આયોજન કર્યું હતું. જેને કેનેડાની સરકારે ફગાવી દીધો છે. આ ઘટનાને ભારત સરકારની મોટી કૂટનીતિક જીત માનવામાં આવે છે.)

6. જુલાઈ 2020 દરમિયાન એકસન કોર્પોરેશનને પાછળ રાખીને ભારતની કઈ કંપની વિશ્વની બીજા નંબરની સૌથી મોટી એનર્જી કંપની બની ગઈ હતી ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

(તાજેતરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરની કિંમતમાં 4.3 ટકાનો વધારો થતાં ExxonMobil Corporationને પાછળ રાખીને ભારતની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાઉદી અરેબિયાની અરામ્કો –Aramco બાદ વિશ્વની બીજા નંબરની સૌથી મોટી એનર્જી કંપની બની ગઈ છે.)

7. ભારતના કયા રાજ્યની સરકારે નહેરુ–ગાંધી પરિવારની સંપત્તિઓની તપાસ કરવા આદેશ આપ્યો છે ? – હરિયાણા

(એવો આરોપ છે કે વર્ષ 2005થી 2010 દરમિયાન હરિયાણામાં નહેરુ–ગાંધી પરિવારના નામ પર કેટલીયે સંપત્તિ લેવામાં આવી હતી. આથી, આ અંગે હરિયાણામાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.)

8. વિશ્વના કયા દેશે દેશના તમામ નાગરિકો માટે કોરોના ટેસ્ટ ફ્રી કરી દીધો છે ? – ફ્રાન્સ

(ફ્રાન્સના આરોગ્ય મંત્રી શ્રી ઓલિવર વેરને આ જાહેરાત કરી હતી.)

9. તાજેતરમાં શ્રી સ્ટુઅર્ટ બ્રોડ ટેસ્ટ ક્રિકેટમાં 500 વિકેટ ઝડપનાર વિશ્વના સાતમા ખેલાડી બન્યા છે...તેઓ કયા દેશના ફાસ્ટ બોલર છે ? – ઈંગ્લેન્ડ

(ઈંગ્લેન્ડના શ્રી સ્ટુઅર્ટ બ્રોડે વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ મેચમાં 500 વિકેટ ઝડપવાની આ સિદ્ધિ મેળવી છે.)

10. કોરોના લોકડાઉન દરમિયાન ભારતમાં લાદવામાં આવેલો રાત્રી કરફ્યૂ કયારથી દૂર કરવામાં આવ્યો છે ? – અનલોક 3 દરમિયાન 1 ઓગસ્ટ, 2020થી

11. ગુજરાતમાં ચાલુ નોકરી દરમિયાન અવસાન પામતા વર્ગ 3-4ના કર્મચારીઓના આશ્રિતોને

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ઉચ્ચક નાણાકીય સહાય મેળવવા માટેની અરજી કરવાની સમયમર્યાદા અગાઉ નિધન સમયથી 6 મહિના સુધીની હતી...આ સમયમર્યાદા વધારીને હવે કેટલી કરવામાં આવી છે ?

– 1 વર્ષ

12. જુલાઈ 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં થ્રી લેન રેલવે ઓવરબ્રીજના નિર્માણ માટે રૂ. 114.50 કરોડની મંજૂરી આપી છે ?

– નવસારી

13. તાજેતરમાં કયા દેશની અદાલતે તે દેશના પૂર્વ વડાપ્રધાન નજીબ રઝાકને 12 વર્ષની જેલની સજા આપી છે ? – મલેશિયા

(નજીબ રઝાકને આર્થિક કૌભાંડને કારણે આ સજા ફરમાવવામાં આવી છે. આવી સજા પામનાર નજીબ રઝાક મલેશિયાના પ્રથમ નેતા છે.)

14. DRDO દ્વારા ભારતના કયા પૂર્વ રાષ્ટ્રપતિની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે 'ડેયર ટુ ડ્રીમ 2.0' ઈનોવેશન સ્પર્ધા લોન્ચ કરવામાં આવી છે ? – ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ

(ભારતમાં એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રમાં ઈનોવેશન માટે અને તેમાં નવીન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે આ ઈનોવેશન સ્પર્ધા લોન્ચ કરવામાં આવી છે. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રે ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે વ્યકિતઓની સાથે સ્ટાર્ટ અપને આકર્ષિત કરવાનો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. ભારતમાં કઈ સંસ્થા દ્વારા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ. પી. જે. અબ્દુલ કલામની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે 'ડેયર ટુ ડ્રીમ 2.0' નામની ઈનોવેશન સ્પર્ધા લોન્ચ કરવામાં આવી છે ?

– DRDO

(DRDOનું પૂરું નામ Defence Research and Development Organisation છે.)

16. ભારતીય રેલવેના IRCTC (Indian Railway Catering and Tourism Corporation) અને કઈ બેન્ક દ્વારા સંયુકત રીતે નવું કોન્ટેકટલેસ ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે ?

– SBI

(ડિજિટલ ઈન્ડિયા અભિયાનને પ્રોત્સાહન આપવા માટે તેમજ આર્થિક વ્યવહારોમાં ઝડપ

આવે તે માટે IRCTC દ્વારા SBI CARD સાથે મળીને Rupe પ્લેટ ફોર્મ પર આ નવું સહ–બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે.)

17. 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 28 જુલાઈ
(દર વર્ષે 28 જુલાઈના રોજ 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ' ઉપરાંત 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ'ની પણ ઉજવણી કરવામાં આવે છે.)

18. ભારતના કયા રાજ્યમાં COVID-19નો સામનો કરવા માટે માસ્કનું મફત વિતરણ કરવાની યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – તમિલનાડુ
(તમિલનાડુના મુખ્યમંત્રી શ્રી કે. પલાનીસ્વામીએ મફત ફેસ માસ્ક વિતરણ કરવાની આ યોજનાનો શુભારંભ કરાવ્યો છે.)

19. તાજેતરમાં અમેરિકાના ટેકસાસ પર ત્રાટકેલા કયા હરિકેનને કારણે ટેકસાસમાં વ્યાપક નુકશાન થયું હતું ? – હાન્ના
(ઉષ્ણકટિબંધીય ચક્રવાતને ઓસ્ટ્રેલિયામાં 'વિલી વિલી', ચીન અને જાપાનમાં 'ટાઈફૂન', અને ભારતમાં 'ચક્રવાત' તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે એટલાંટિક મહાસાગર અને ઉત્તરપૂર્વ પ્રશાંત મહાસાગરમાં ઉદ્‌ભવતા ઉષ્ણકટિબંધીય ચક્રવાતને 'હરિકેન' તરીકે ઓળખવામાં આવે છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

20. જુલાઈ 2020 દરમિયાન કયા દેશે હોંગકોંગ સાથેની પ્રત્યાર્પણ સંધિ સ્થગિત કરી દીધી છે ? – ન્યુઝીલેન્ડ
(ચીન દ્વારા હોંગકોંગ માટે પસાર કરવામાં આવેલા 'રાષ્ટ્રીય સુરક્ષા કાનૂન'ને કારણે ન્યુઝીલેન્ડે આ નિર્ણય કર્યો છે. ચીન દ્વારા પસાર કરવામાં આવેલા આ એકટના વિરોધમાં આ અગાઉ ઓસ્ટ્રેલિયા, કેનેડા અને બ્રિટને પણ હોંગકોંગ સાથેની પ્રત્યાર્પણ સંધિ સ્થગિત કરી દીધી હતી. ચીન દ્વારા પસાર કરાયેલા વિવાદાસ્પદ 'રાષ્ટ્રીય સુરક્ષા કાનૂન' અંતર્ગત ચીનને હોંગકોંગમાં કેટલાક વિશેષ અધિકારો આપવામાં આવ્યા છે. જેને કારણે તેનો વિરોધ થઈ રહયો છે.)

21. સિખ શહીદ ભાઈ તારુ સિંહ સાથે સંકળાયેલા પ્રસિદ્ધ ગુરૂદ્વારાને મજિસ્દમાં બદલવાના પાકિસ્તાનના પ્રયાસનો ભારત વિરોધ કરી રહયું છે...આ ગુરૂદ્વારા પાકિસ્તાનના કયા

શહેરમાં આવેલું છે ? – લાહોર

(લાહોર ખાતે આવેલું આ ગુરૂદ્વારા એક ઐતિહાસિક સ્થળ છે, જયાં શ્રી ભાઈ તારુ સિંહે 1745માં સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. આ ગુરૂદ્વારાને 'ગુરૂદ્વારા શહીદી અસ્થાન' તરીકે પણ ઓળખવામાં આવે છે.)

22. 26 જુલાઈ 2020ના રોજ કેન્દ્ર સરકારની My Gov પહેલને કેટલા વર્ષ પૂરા થયા છે ?

– 6 વર્ષ

(My Gov.in એ કેન્દ્ર સરકાર દ્વારા 26 જુલાઈ 2014ના રોજ શરૂ કરવામાં આવેલી એક વેબસાઈટ છે. આ વેબ પ્લેટફોર્મનો મુખ્ય ઉદ્દેશ ભારતના પ્રશાસન અને વિકાસમાં ભારતના નાગરિકોની ભાગીદારી વધારવાનો છે. હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ આ વેબસાઈટનું સંચાલન National Informatics Centre-NIC દ્વારા કરવામાં આવે છે.)

23. ભારતમાં My Gov પ્લેટફોર્મની સ્થાપના ક્યારે થઈ હતી ? – 26 જુલાઈ, 2014

24. 26 જુલાઈ, 2020ના રોજ ભારતના કયા પાડોશી દેશે તેના 55મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી છે ? – માલદીવ

25. વર્ષ 2021માં ભારતમાં ચોથા 'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ'નું આયોજન કયાં થશે ?

– પંચકુલા, હરિયાણા

(ભારતમાં પ્રથમ 'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ'નું આયોજન વર્ષ 2018માં નવી દિલ્હી ખાતે થયું હતું. આ અગાઉ જાન્યુઆરી 2020માં આસામના ગુવાહાટીમાં ત્રીજા 'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ'નું આયોજન થયું હતું.)

26. 'ઉન્નત ભારત અભિયાન' માટે ટ્રાઈફેડે ભારતની કઈ IIT સાથે MoU કર્યા છે ?

– IIT, દિલ્હી

(ટ્રાઈફેડ-TRIFEDનું પૂરું નામ Tribal Cooperative Marketing Development Federation of India Limited છે. ભારતમાં ગ્રામીણ ક્ષેત્રોના વિકાસ માટે વર્ષ 2014માં 'ઉન્નત ભારત અભિયાન'નો પ્રારંભ થયો હતો.)

27. 30 જુલાઈ, 2020ના રોજ ભારતમાં નવી દિલ્હીની ટ્રાયલ કોર્ટે સંરક્ષણ સોદામાં ભ્રષ્ટાચારના આરોપસર કઈ પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષા જયા જેટલીને ચાર વર્ષની જેલની સજા ફટકારી છે ?

– સમતા પાર્ટી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

28. નવી દિલ્હીની ટ્રાયલ કોર્ટે સંરક્ષણ સોદામાં ભ્રષ્ટાચારના આરોપસર સમતા પાર્ટીના કયા નેતાને ચાર વર્ષની કેદની સજા ફટકારી છે ? – જયા જેટલી

(આ કેસ જાન્યુઆરી 2001માં ન્યુઝ પોર્ટલ તહેલકા પર પ્રસારિત 'ઓપરેશન વેસ્ટએન્ડ'થી સામે આવ્યો હતો.)

29. તાજેતરમાં ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશની સરકારે ડીઝલ પરનો વેટ 13.25 ટકા ઘટાડયો છે ? – દિલ્હી

(તાજેતરમાં દિલ્હીમાં પ્રથમ વખત પેટ્રોલ કરતા ડીઝલના ભાવ વધી ગયા હતા. આથી, દિલ્હીની શ્રી અરવિંદ કેજરીવાલની સરકારે ડીઝલ પરનો વેટ 30 ટકાથી ઘટાડી 16.75 ટકા કર્યો છે. આથી, દિલ્હીમાં ડીઝલ પરના વેટમાં 13.25 ટકાનો ઘટાડો થયો છે.)

30. નેશનલ સ્પોર્ટ્સ પુરસ્કાર 2020ની પસંદગી માટે કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે ? – શ્રી મુકુંદકમ શર્મા (સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ)

(આ સમિતિ રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર, દ્રોણાચાર્ય એવોર્ડ, અર્જુન એવોર્ડ, ધ્યાનચંદ એવોર્ડ વગેરેના વિજેતાઓની પસંદગી કરશે.)

31. 29 જુલાઈ 2020ના રોજ ભારતના કયા રાજયના ત્રણ જિલ્લાઓમાં ઝેરી દારૂ પીવાથી ઓછામાં ઓછા 49 લોકોના મોત થયા હતા ? – પંજાબ

(પંજાબના તરણતારણ, અમૃતસર અને બટાલા જિલ્લામાં આ કરુણાંતિકા સર્જાઈ હતી.)

32. ભારતના કયા રાજ્યમાં દારૂ ન મળતાં સોફટ ડ્રિંકમાં હેન્ડ સેનેટાઈઝર મિલાવીને પીતાં 10 લોકોના મૃત્યુ થયા છે ? – આંધ્રપ્રદેશ

(આંધ્રપ્રદેશના પ્રકાસમ જિલ્લાના કુરીચેડુ ગામમાં આ દુર્ઘટના સર્જાઈ હતી.)

33. તાજેતરમાં શ્રી સોનમ સેરિંગ લેપ્સાનું નિધન થયું છે.. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – લોક સંગીત

(ભારતના પશ્ચિમ બંગાળમાં જન્મેલા પ્રસિદ્ધ લોક સંગીતકાર શ્રી સોનમ સેરિંગ લેપ્સા ઓલ ઈન્ડિયા રેડિયો પર પોતાનો અવાજ આપનાર લેપ્સા સમુદાયના પ્રથમ વ્યકિત હતા. તેમણે સિક્કિમની લેપ્સા સંસ્કૃતિના પુનરુત્થાન માટે મહત્ત્વનું યોગદાન આપ્યું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

34. એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB)ના નવા અધ્યક્ષ તરીકે બીજા પાંચ વર્ષ માટે કોની ફરીથી નિમણૂક કરવામાં આવી છે ? – જીન લિકુન (ચીન)
(એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્કનું વડું મથક ચીનના બેઈજિંગ ખાતે આવેલું છે. તેની કામગીરીનો પ્રારંભ 16 જાન્યુઆરી, 2016થી થયો હતો.)

35. દક્ષિણ આફ્રિકન દેશ બોત્સવાનાના કયા વિસ્તારમાં તાજેતરમાં અનેક હાથીઓના રહસ્યમય સંજોગોમાં મોત થયા છે ? – ઓકાવાંગો ડેલ્ટા
(વિશ્વમાં હાથીઓની સૌથી વધુ સંખ્યા બોત્સવાનામાં આવેલી છે. બોત્સવાનાની રાજધાની ગેબોરોન છે. અને તેનું ચલણ બોત્સવાના પુલા છે. ઓકાવાંગો ડેલ્ટા કાલાહારી રણ વિસ્તારનો એક ભાગ છે. 2013માં કરાયેલા હવાઈ સર્વેક્ષણ અનુસાર બોત્સવાનામાં હાથીઓની સંખ્યા 1,56,000 હતી.)

36. ઓકાવાંગો ડેલ્ટા કયા દેશમાં આવેલો છે, જયાં તાજેતરમાં અનેક હાથીઓના રહસ્યમય સંજોગોમાં મોત થયા હતા ? – બોત્સવાના

37. તાજેતરમાં ભારતમાં કયા પ્લેટફોર્મ દ્વારા 'આત્મનિર્ભર ભારત લોગો ડિઝાઈન સ્પર્ધા' લોન્ચ કરવામાં આવી છે ? – My Gov
(આ સ્પર્ધા અંતર્ગત વિજેતાને રૂ. 25,000નું ઈનામ મળશે.)

38. કોરોના સંક્રમણને રોકવા માટે ભારતના કયા રાજ્યમાં 'એક માસ્ક અનેક જિંદગી' નામથી એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ? – મધ્યપ્રદેશ

39. જૂન, 2020 દરમિયાન ભારતના મુખ્ય આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગોના ઉત્પાદનમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ? – 15%
(ભારતમાં માર્ચ 2020થી જૂન 2020 દરમિયાન સતત ચોથા મહિનામાં ભારતના મુખ્ય આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગોના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ભારતના મુખ્ય આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગોમાં કોલસો, ક્રૂડ ઓઈલ, કુદરતી ગેસ, રિફાઈનરી પ્રોડકટ, ખાતર, સ્ટીલ, સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે. જેમાં જૂન 2020 દરમિયાન સ્ટીલના ઉત્પાદનમાં સૌથી વધુ 33.8 ટકાનો ઘટાડો થયો છે.)

**ખાસ નોંધ :**

ભારત સરકારની નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020' (National Education Policy 2020) વિશેનો વિશેષાંક હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT